# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા. 26-02-2024 | Advance accounting and Auditing Paper – III | સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

પ્ર-1 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (15)

૧. સ્વયં ભાવ વર્ધક કલમ એટલે ..............

(A) પડતર વત્તા કરાર (B) કરારની મૂળ કિંમત + નફો

(C) માલ મજૂરી ના ભાવ વધારાને કારણે કરારની કિંમતમાં વધારો

(D) પ્રતિ વર્ષ નિયત ટકાવારીએ વધતી કરાર કિંમત

૨. પડતર વત્તા કરાર એટલે

(A) કરાર કિંમત પહેલેથી જ નક્કી હોય છે (B) કરાર કિંમત આપમેળે વધે.

(C) કરારના ખર્ચ + અમુક ટકા નફો ચડાવું (D) કરાર ની કિંમત ફેરફાર પાત્ર નથી

૩. કરારમાં બિન પ્રમાણિત કામ નો અર્થ

(A) અધૂરું કામ (B) મંજૂરી વગરનું કામ

(C) પ્રમાણપત્ર મળ્યું ન હોય તેવું કામ (D) પૂર્ણ થયેલ કામ

૪. કાચુ કરાર ખાતુ ક્યારે બનાવવામાં આવે છે?

(A) ગમે તે તબક્કે (B) કરાર ૫૦% થી વધુ પૂર્ણ થયો હોય ત્યારે

(C) કરાર હજુ શરૂ થયું હોય ત્યારે

(D) જ્યારે કરાર પૂર્ણ થવાની અણી પર હોય અને વધારાના અંદાજિત ખર્ચ આપ્યા હોય ત્યારે

૫. કરાર પડતર મોટાભાગે શેમાં ઉપયોગમાં લેવામાં આવે છે?

(A) બેચ (B) સેવા (C) જોબ (D) બાંધકામ

૬. કરાર નો નફો નફા નુકસાન ખાતે જમા લીધેલ નફો રૂપિયા ૬૪,૦૦૦, જે બે તૃતીયાંશ ભાગે ૮૦% લેખે મળેલ રોકડના ધોરણે ગણાયો છે કરારનો કુલ નફો શોધો.

(A) રૂ.૧,૦૦,૦૦૦ (B) રૂ.૮૦,૦૦૦ (C) રૂ. એક લાખ ૨૦ હજાર (D) રૂ.૫૧,૨૦૦

૭. નીચેના પૈકી કયા ધંધાની સેવા પડતર પદ્ધતિ લાગુ પડતી નથી

(A) હોટેલ (B) હોસ્પિટલ

(C) વાહન વ્યવહાર કંપની (D) ઓઈલ રિફાઈનરી

Scanned with OKEN Scanner

૮. નીચેના પૈકી કયો ખર્ચ વાહન વ્યવહારના ધંધામાં ચલિત ખર્ચ ગણાય છે?

(A) ટાયર અને ટ્યુબ ખર્ચ (B) એકાઉન્ટન્ટ નો પગાર

(C) ભાડું વેરો અને કર (D) કિલનર નો પગાર

૯. ૧૫૦ કિલોમીટરના અંતરે આવેલ બે શહેરો માટે પેસેન્જર કિલોમીટર દીઠ પડતર રૂપિયા ૦.૩૨ છે. જો ભાડાની આવક પર ૪૦% નફો મેળવવો હોય તો ટિકિટ ભાડું શોધો.

(A) રૂ.૬૭.૨૦ (B) રૂ.૩૨ (C) રૂ.૮૧ (D) એક પણ નહી

૧૦. નીચેનામાંથી કઈ બાબત સેવા પડતર સાથે સુસંગત છે.?

(A) જહાજ બાંધકામ (B) આવાસ નિર્માણ (C) મોટર રીપેરીંગ (D) વીજળી

૧૧. નીચે આપેલ વિગતો પૈકી કઈ વિગત વાહન વ્યવહારના ધંધાની દ્રષ્ટિએ સ્થિર ખર્ચ તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે.?

(A) પેટ્રોલ (B) ઘસારો (C) મરામત અને નિભાવ (D) વીમા પ્રીમિયમ

૧૨. સંયુક્ત પેદાશ એટલે .......................

(A) એકસરખી પડતર ધરાવતી બે વસ્તુનું ઉત્પાદન (B) ઓછી મહત્વની બીજી વસ્તુનું ઉત્પાદન

(C) સમાન વેચાણ કિંમતની બે વસ્તુનું ઉત્પાદન (D) એક સરખું મહત્વ ધરાવતી બે વસ્તુનું ઉત્પાદન

૧૩. આડ પેદાશ એટલે .............

(A) જે વસ્તુનો ઉત્પાદન જથ્થો નાનો હોય તે

(B) જે વસ્તુની પડતર ઓછી હોય તે

(C) જેના ઉપર વધારાની પ્રક્રિયા કર્યા વગર જ વેચી દેવામાં આવે છે.તે

(D) જે વસ્તુ મુખ્ય વસ્તુના ઉત્પાદનની સરખામણીએ ઓછી મહત્વની હોય તે

૧૪. દાખલ કરેલ એકમો ૨,૦૦૦, ખરેખર ઉત્પાદન ૧,૨૫૦ એકમો, સામાન્ય બગાડ દાખલ કરેલી એકમના ૧૦% હોય, તો અસામાન્ય બગાડના એકમો કેટલા?

(A) ૨૦૦ એકમો (B) ૧૮૦ એકમો (C) ૧૨૫ એકમો (D) ૫૫૦ એકમો

Scanned with OKEN Scanner

૧૫. જ્યારે આડપેદાશનું વેચાણ મૂલ્ય ખૂબ જ ઓછું હોય ત્યારે

(A) સંયુક્ત ખર્ચની ફાળવણીમાં ગણાય છે (B) અવેજી વસ્તુની કિંમતના આધારે જમા થાય છે.

(C) તે સીધું નફા નુકસાન ખાતે જમા લેવાય છે. (D) ઉપરમાંથી એક પણ નહી

**પ્ર-2 માંગ્યા મુજબ જવાબ આપો. (08)**

(૧) કરાર કિંમત રૂ. ૧૪,૦૦,૦૦૦

કુલ થયેલ ખર્ચ રૂ.૭,૦૦,૦૦૦

મળેલ રોકડ (પ્રમાણિત કામના ૯૦%) રૂ. ૬,૭૫,૦૦૦

કરારનો નફો ૨૦%

બિન પ્રમાણિત કામની પડતર શોધો.

(૨) નીચેની વિગતો પરથી કુલ માસિક ટન-કિલોમીટર શોધો.

એક ટ્રક એક શહેરથી બીજા શહેર તરફ એક બાજુના ૮૦ કિ.મી.ના અંતરે માલનું વહન કરે છે. જતા ફેરામાં પૂર્ણ ક્ષમતા (૧૦ ટન) સુધીનું નૂર મળે છે. અને વળતા ફેરામાં ૫૦% ક્ષમતાએ ૫ ટન માલ મળે છે. દરરોજનીર રાઉન્ડ ટ્રીપ શક્ય બને છે. ટ્રક મહિનામાં સરેરાશ ૨૬ દિવસ દોડે છે.

(૩) પ્રક્રિયાનું ઉત્પાદન : ૪,૨૫૦ એકમ

સામાન્ય બગાડ : ૧૦%

અસામાન્ય બગાડ : સામાન્ય બગાડના૧/૨

પ્રક્રિયામાં દાખલ કરેલ એકમો શોધો.

(૪) ઉત્પાદનના એક એકમનું ઉત્પાદન કરવા માટે પ્રમાણભૂત માલસામાન

માલસામાન x : ૩૦કિલો @ રૂ.૮ પ્રતિ કિલો, અને

માલસામાન y : ૨૦ કિલો @ રૂ.૧૦ પ્રતિ કિલો

એક સપ્તાહમાં, ૨,૦૦૦ એકમોનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું ખરેખર વપરાયેલ માલસામાન

માલસામાન x : ૫૯,૦૦૦કિલો @ રૂ.૯પ્રતિ કિલો અને

માલસામાન y : ૪૮,૦૦૦ કિલો @ રૂ.૯.૫પ્રતિ કિલો.

માલસામાન વિચલનનોની ગણતરી કરો.

Scanned with OKEN Scanner

(૫) રૂ.૨૪ હજારનું એક યંત્ર તારીખ ૧-૩-૨૦૨૩ ના રોજ કરાર નંબર ૧૧૧ માટે જ ખાસ ખરીદવામાં આવેલું. તેના પર ૯ ટકા લેખે ઘસારો ગણવામાં આવે છે તારીખ ૩૧-૧૨-૨૦૨૩ ના રોજ યંત્ર આગથી સંપૂર્ણ નાશ પામ્યું વીમા કંપનીએ રૂ.૧૦,૦૦૦ નો દાવો મંજુરરાખ્યો. ઉપરની વિગતો એક કરાર લેનાર ના ચોપડે કયા અને કઈ રકમથી દર્શાવશો?

(૬) પ્રમાણ પડતર એટલે શું ?

(૭) પ્રક્રિયા પડતર પદ્ધતિ એટલે શું ?

(૮) સંયુક્ત પેદાશ અને આડ પેદાશ એટલે શું .?

પ્ર-3 રાધા ટ્રાન્સપોર્ટ કંપની પાસે ૫ બસોનો એક સમૂહ છે. જેનો ઉપયોગ રાજકોટ કોલેજના વિદ્યાર્થીઓને રાજકોટ સ્ટેશનથી કોલેજ અને પરત લઈ જવા માટે થાય છે અને જેનું કુલ અંતર ૨૦ કિલોમીટર છે. દરેક બસ ૨ (રાઉન્ડટ્રીપ) મુસાફરી એક દિવસમાં કરે છે. અને ૨૦ પેસેન્જર એક (સિંગલ) મુસાફરીમાં લઈ જાય છે. દરેક બસ મહિનામાં ૨૫ દિવસ ચાલે છે. **(13)**

નીચે જણાવેલ ખર્ચ ઉપરથી તમારે રાધા ટ્રાન્સપોર્ટ કંપનીની એક પેસેન્જર કિલોમીટર દીઠ પડતર શોધવાની છે.

| | |
|---|---|
| ૫ ડ્રાઈવરનો મહિનાનો પગાર ........................................... | રૂ. ૩૦,૦૦૦ |
| ૫ ક્લીનરનો મહિનાનો પગાર ........................................... | રૂ. ૧૫,૦૦૦ |
| એક લિટરદીઠ ડીઝલ ચાર્જ ........................................... | રૂ. ૯૦ |
| એક દિવસનો પસેન્જર રોડ ટેક્ષ ........................................... | રૂ. ૧૦ |
| એક બસની વાર્ષિક લાઈસન્સ ફી ........................................... | રૂ. ૬,૦૦૦ |
| વાર્ષિક ગેરેજ ભાડું (કુલ)........................................... | રૂ. ૧,૫૦,૦૦૦ |
| વાર્ષિક વીમા ખર્ચ ........................................... | વાહનની પડતર કિંમતના ૬% |
| નિભાવ ખર્ચ ........................................... | ઘસારા ખર્ચના ૫૦% |

Scanned with OKEN Scanner

દરેક બસની કિંમત ૫૦,૦૦,૦૦૦ છે અને તેની ૧૦ વર્ષના આયુષ્યના અંતે તેની ભંગાર કિંમતરૂ. ૫,૦૦,૦૦૦ છે. દરેક બસ ૧ લિટર ડિઝલમાં ૧૦ કિલોમીટર ચાલે છે. કોલેજ વિદ્યાર્થી પાસે લેવાના ભાડાના ૫૦% આપે છે. જો રાધા ટ્રાન્સપોર્ટ કંપની પડતર કિંમતનો $^1/_5$ ભાગ નફો લેતી હોય તો દરેક વિદ્યાર્થી કોલેજને ટ્રાન્સપોર્ટ ચાર્જ તરીકે કેટલી રકમ આપશે ?

(અથવા)

**પ્ર-3** એક વસ્તુ જુદી જુદી ત્રણ પ્રક્રિયાઓ P, Q અને R માંથી પસાર થાય છે. ત્યાર બાદ તેને તૈયાર માલના સ્ટોક ખાતે લઈ જવામાં આવે છે. પ્રક્રિયાની વિગતો નીચે પ્રમાણે છે. **(13)**

| વિગત | P | Q | R |
|---|---|---|---|
| દાખલ કરેલ એકમો (એકમદીઠ રૂ.૩૦ લેખે) | ? | - | - |
| સામાન્ય બગાડ (દાખલ કરેલ એકમના ટકા) | ૧.૫% | ૫% | ૧૦% |
| બગાડની ઉપજ (એકમદીઠ રૂ.) | ૨૦ | ૨૫ | ૫૦ |
| અસામાન્ય બગાડના એકમો | ૩૦૦ | ૫૦૦ | - |
| અસામાન્ય બગાડના એકમોની એકમદીઠ પડતર રૂ. | ૧૦૦ | ૧૫૦ | - |
| અસામાન્ય વધારાના એકમો | - | - | ૨૦૦ |
| અસામાન્ય વધારાના એકમોની એકમદીઠ પડતર રૂ. | - | - | ૨૦૦ |
| ખરેખર ઉત્પાદન (પ્રક્રિયા **'P'** માં દાખલ કરલા એકમોના%) | ૯૭ | ? | ? |

વધારાની માહિતી :

(૧) પ્રક્રિયા **P** માં અસામાન્ય બગાડ, સામાન્ય બગાડના ૧૦૦ % જેટલો છે.

(૨) ત્રણેય પ્રક્રિયામાં કારખાના પરોક્ષ ખર્ચા, પ્રત્યક્ષ મજુરીના ૨૫% લેખે ગણવાનો છે.

ઉપરની માહિતી ઉપરથી પ્રક્રિયાના ખાતા તેમજ અસામાન્ય બગાડ/વધારાના ખાતા તૈયાર કરો.

Scanned with OKEN Scanner

**પ્ર-4 (અ) એક ટન કેમિકલ ઉત્પાદનનું પ્રમાણ મિશ્રણ માટે પ્રમાણ માલસામાન પડતર આધાર છે: (08)**

| કેમિકલ | વપરાશ | કિલો દીઠ ભાવ |
|---|---|---|
| A | ૨૪૦ kg | ૬ |
| B | ૪૦૦ kg | ૧૨ |
| C | ૬૪૦ kg | ૧૦ |

એક મહિના દરમિયાન, ૬.૨૫ટન કેમિકલના ઉત્પાદન માટે:

| કેમિકલ | વપરાશ (ટનમાં) | પડતર ( રૂ.) |
|---|---|---|
| A | ૧.૬ | ૧૧,૨૦૦ |
| B | ૨.૪ | ૩૦,૦૦૦ |
| C | ૪.૫ | ૪૭,૨૫૦ |

માલસામાન વિચલનની ગણતરી કરો.

(અથવા)

**પ્ર-4 (અ)** એક કોન્ટ્રાક્ટરે રૂ. દસ લાખ ની કિંમત એ કરાર લીધો જેના પર તારીખ ૧ -૪ - ૨૦૨૧ ના રોજ કામ શરૂ કર્યું. તેનું હિસાબી વર્ષ ૩૧મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે આ કરાર અંગેના ખર્ચા નીચે મુજબ છે.**(08)**

| | |
|---|---|
| માલસામાન ખર્ચ | રૂ.૨,૭૦,૦૦૦ |
| ચૂકવેલ મજૂરી | રૂ.૧,૪૦,૦૦૦ |
| આડકતરા ખર્ચા | રૂ. ૧૦,૦૦૦ |
| મોકલેલી યંત્રો (૧-૪ -૨૧) | રૂ.૧,૦૦,૦૦૦ |
| મોકલેલ ખાસ યંત્ર (૧- ૫-૨૧) | રૂ.૧૦,૦૦૦ |

વધારાની માહિતી :-

૧. મોકલેલ માલ સામાન માંથી રૂ.૧૦,૦૦૦ નો માલસામાન તુરંત જ રૂ.૫,૦૦૦ માં વેચી દેવામાં આવ્યો હતો.

૨. તારીખ ૩૧-૧૨-૨૦૨૧ ના રોજ બાકી ચુકવવાની મજૂરી રૂ.૧૦,૦૦૦ છે.

Scanned with OKEN Scanner

૩. મોકલેલ યંત્રો પૈકી રૂપિયા રૂ.૧૬,૦૦૦ ના યંત્રો તારીખ ૧-૭-૨૦૨૧ના રોજ બીજા કરાર પર મોકલેલ હતા જ્યારે રૂ.૧૮,૦૦૦ ની કિંમતના યંત્રો તારીખ ૧-૯-૨૦૨૧ ના રોજ આગ આગથી નાશ પામેલ છે જે પૈકી વીમા કંપનીએ રૂ.૧૨,૦૦૦ નો દાવો મંજુર રાખ્યો છે ઉપરાંત તારીખ ૧-૧૦-૨૦૨૧ ના રોજ રૂ.૬,૦૦૦નું યંત્ર રૂ.૫૬૦૦ ની કિંમતે વેચી દીધેલ છે

૪. મોકલેલ ખાસ યંત્ર તારીખ ૧-૯-૨૦૨૧ ના રોજ રૂ.૬,૦૦૦ ની કિંમતે વેચી દીધેલ છે

૫. યંત્રો પર વાર્ષિક ૧૦% લેખે ઘસારો ગણવાનો છે

૬. વર્ષના અંતે પ્રમાણિત કામ રૂ.૬ લાખ હતું જ્યારે હાથ પર માલસામાન રૂ.૨૦,૦૦૦ નો હતો અને કરાર આપનાર પ્રમાણિત કામના ૮૦ ટકા જેટલી રોકડ આપે છે

ઉપરની માહિતી પરથી કરાર ખાતુ બનાવો અને વૈજ્ઞાનિક ધોરણે નફો ગણો.

**પ્ર-4 (બ) ટૂંકનોધ લખો.** **(06)**

(૧) સ્વયં ભાવવર્ધક કલમ

(૨) સંયુક્ત પેદાશ અને ઉપપેદાશ

(અથવા)

**(બ) ટૂંકનોધ લખો.** **(06)**

(૧) પ્રમાણ પડતર પધ્ધતિની મર્યાદાઓ.

(૨) પ્રક્રિયાનો બગાડ.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી/2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા. 2-03-2024 **Accounting & Taxation - IV** સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

**પ્ર-1 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** **(15)**

1. કલમ ૧૦,(૧૦,)(ii) અને કલમ ૧૦,(૧૦)(iii) હેઠળ ગ્રેચ્યુઈટી કરમુક્તિની ગણતરીના હેતુઓ માટે મહિનામાં કુલ દિવસોની ગણતરી અનુક્રમે .................. અને ................ તરીકે કરવામાં આવે છે.

   (A) ૧૫ દિવસ અને ૧૫ દિવસ (B) ૧૫ દિવસ અને ૩૦ દિવસ

   (C) ૨૬ દિવસ અને ૧૫ દિવસ (D) ૨૬ દિવસ અને ૩૦ દિવસ

2. કલમ ૧૦(૧૦ AA) હેઠળ કરમુક્તિના હેતુ માટે, નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતરની કરમુક્તિની મહત્તમ મર્યાદા ............

   (A) રૂ. ૧૦,૦૦,૦૦૦ (B) રૂ. ૫,૦૦,૦૦૦

   (C) રૂ. ૩,૦૦,૦૦૦ (D) રૂ. ૩,૫૦,૦૦૦

3. ઘરભાડા ભથ્થા (HRA) ને આવકવેરા નિયમોના નિયમ ૨A હેઠળ કરમુક્તિ આપવામાં આવી છે. ત્રણમાંથી ઓછીમાં ઓછી રકમની કરમુક્તિ આપવામાં આવશે, "ત્રણ" શબ્દમાં નીચેના સિવાયનો સમાવેશ થાય છે:

   (A) પગારના ૪૦% / ૫૦% (B) કર્મચારી દ્વારા પગારના ૧૦% થી વધુ ચૂકવેલ ભાડું

   (C) ઘરભાડા ભથ્થા (HRA) ના ૫૦% મળ્યા

   (D) ખરેખર મળેલ ઘરભાડા ભથ્થું

4. સુહાની X Ltd. માં રૂ. ૮૦૦૦-૫૦૦-૧૨,૦૦૦-૧,૦૦૦-૨૦,૦૦૦ ના ગ્રેડમાં નોકરી કરતી હતી. તેણી ૧.૮.૨૦૧૮ ના રોજ જોડાઈ હતી. આ.વર્ષ ૨૦૨૨-૨૩ માટે તેણીની કુલ પગારની આવક કેટલી છે, જો તેણીનો પગાર મહિનાના છેલ્લા દિવસે બાકી છે.

   (A) રૂ. ૧,૧૮,૦૦૦ (B) રૂ.૧,૧૭,૫૦૦ (C) રૂ. ૧,૨૪,૦૦૦ (D) રૂ. ૧,૨૩,૫૦૦

Scanned with OKEN Scanner

5. બોનસ શેર બહાર પડ્યા પછી સામાન્ય રીતે શેરની આંતરિક કિંમત

(A) ઘટે છે (B) વધે છે (C) A અને B (D) કોઈ ફેરફાર થતો નથી

6. નીચેના પૈકી કઈ કંપનીના શેર ના બજાર ભાવ બોલાતા નથી?

(A) જાહેર ક્ષેત્રની કંપની (B) શાસક કંપની

(C) ખાનગી કંપની (D) પરદેશી કંપની

7. એક કંપનીના ઇક્વિટી શેર ની બજાર કિંમત રૂ. ૨૫૦, ડિવિડન્ડ નો દર ૪૦% અને શેર દીઠ ભરપાઈ રૂ. ૧૦૦ હોય તો અપેક્ષિત વળતરનો દર કેટલો?

(A) ૧૦% (B) ૧૨% (C) ૧૬ % (D) ૧૫%

8. બિહારથી રાજસ્થાનમાં આપેલ સેવાઓના પુરવઠા અંગે નીચેના કરવેરાઓ પૈકી કયું કર લેવામાં આવે છે.?

(A) સંકલિત માલ અને સેવા કર (B) કેન્દ્રશાસિત પ્રદેશ માલ અને સેવા કર

(C) રાજ્ય માલ અને સેવા કર (D) કેન્દ્રીય માલને સેવા કર

9. તમામ પ્રકારના માલ અને સેવાઓના પુરવઠા માલ અને સેવા કર ને પાત્ર છે સિવાય કે

(A) માનવ વપરાશનો દારૂ (B) કાનૂની સેવાઓ

(C) તમાકુ (D) ઉપર જણાવેલ તમામ

10. એકંદર કુલ ટનવર નો અર્થ

(A) કરપાત્ર પુરવઠાઓની એકંદર કુલ કિંમત ગણાય.

(B) કરમુક્ત પુરવઠાઓની એકંદર કુલ કિંમત ગણાય.

(C) આંતરરાષ્ટ્રીય પુરવઠાની તથા માલ કે સેવાઓ કે બંનેના નિકાસની કુલ કિંમત ગણાય.

(D) ઉપર જણાવેલ તમામ કિંમતો નો સરવાળો.

11. વ્યક્તિ એસસીએ (કે જેની આવકમાં ધંધા કે વ્યવસાયનો નફો સમાયેલો નથી) આકારણી વર્ષ ૨૩ -૨૪ માટે કલમ ૧૩૯ પેટા કલમ એક મુજબ આવકનું પત્રક ભરીને રજૂ કરવાની છેલ્લી તારીખ નીચે મુજબ છે.

(A) આકારણી વર્ષની ૩૧મી જુલાઈ (B) આકારણી વર્ષની ૩૦ મી સપ્ટેમ્બર

(C) વર્ષની ૩૧ માર્ચ (D) ઉપર માંથી કોઈપણ નહીં

Scanned with OKEN Scanner

12. ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમર નથી એવી વ્યક્તિએ કલમ ૧૩૯ (૧) હેઠળ આવકનો પત્રક ભરવું જરૂરી છે.

(A) જો તેની કુલ આવક રૂ.૨,૦૦,૦૦૦ થી વધુ હોય

(B) જો તેની કુલ આવક રૂ.૨,૫૦,૦૦૦ થી વધુ હોય

(C) જો તેની કુલ આવક રૂ. ત્રણ લાખથી વધુ હોય

(D) જો તેની કુલ આવક કલમ ૧૦ (૩૮) હેઠળ કરમુક્તિનો લાભ લીધા પહેલા તેમજ કલમ ૮૦ C થી ૮૦ U સુધીની કપાતુ વાત કર્યા પહેલા રૂ.૨,૫૦,૦૦૦ થી વધુ હોય

13. મકાન-મિલકતની આવકનાં શીર્ષક હેઠળ નીચે આપેલ પૈકી ક્યા સ્થાનિક કરવેરા બાદ મળે?

(A) માલિકે ચૂકવેલ (B) ભાડુઆતે ચૂકવેલ

(C) ચૂકવવાના બાકી (D) અગાઉથી ચૂકવેલ

14. મકાન-મિલકતની આવકનાં શીર્ષક હેઠળ ક્યાં મૂલ્ય પર આવકવેરો ભરવાં કરદાતા જવાબદાર ગણાય?

(A) ગ્રોસ મૂલ્ય (B) ચોખ્ખું મૂલ્ય (C) વાર્ષિક મૂલ્ય (D) આપેલ તમામ

15. આવકનાં પત્રકનાં કેટલાં પ્રકાર છે?

(A) ૨ (B) ૪ (C) ૬ (D) ૮

**પ્ર-2 ગમે તે ચાર પ્રશ્નોના જવાબ આપો.** **(08)**

1. સીતા કંપનીના રૂા. ૧૦૦ ના ઇક્વીટી શેરની આંતરીક કિંમત રૂા. ૨૦૦ છે. નીચેની વિગતો પરથી ગીતા કંપનીના ઇક્વીટી શેરની વ્યાજબી કિંમત શોધો.

   મિલકતો રૂા. ૧૫,૬૦,૦૦૦, દેવા રૂા. ૯,૬૦,૦૦૦

   ૫૦% કરવેરા બાદ કર્યા પહેલાંનો નફો રૂા. ૨,૭૬,૦૦૦

   અપેક્ષિત વળતરનો દર ૧૦%, ૧૫% ની પ્રેફરન્સ શેરમૂડી રૂા. ૧,૨૦,૦૦૦ છે.

2. નીચેની માહિતી પરથી શેરની આંતરિક કિંમત શોધો.

   (૧) શેરનો વ્યાજબી ભાવ રૂા. ૨૫૦

   (૨) સામાન્ય અપેક્ષિત વળતરનો દર ૧૦% છે.

   (૩) ડિવિડન્ડનો સરેરાશ દર ૧૪%

   (૪) ઇક્વીટી શેર દરેક રૂા. ૧૦૦ નો તેવા, જેના પર શેરદીઠ રૂા. ૮૦ ભરાયેલા છે.

Scanned with OKEN Scanner

3. રાજકોટના રહીશ શ્રી રાઘવ પાછલા વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રૂા. ૧,૯૨,૦૦૦ મૂળ પગાર મેળવે છે. વધારામાં તે રૂા. ૧૯,૨૦૦ મોઘવારી ભથ્થું મેળવે છે. જે તેના મૂળ પગારનો ભાગ ગણાય છે. તેણે કરેલા વેચાણ પર ૭% કમિશન મેળવે છે. પાછલા વર્ષ દરમ્યાન તેમણે રૂા. ૩,૪૪,૦૦૦ નું વેચાણ કરેલ છે. અને ઘરભાડા ભથ્થા તરીકે રૂા. ૨૪,૦૦૦ મેળવે છે. તેઓ રૂા. ૨૩,૪૦૦ ઘરભાડું ચૂકવે છે. કરમુક્ત ઘરભાડા ભથ્થાની રકમ નક્કી કરો.

4. શ્રી અજીત ૨૫ વર્ષ અને ૧૧ મહિના નોકરી કરીને ખાનગી કંપનીમાંથી તા.૧.૩.૨૦૨૩ના રોજ નિવૃત્ત થયા. તેમને રૂા.૪૦,૦૦,૦૦૦ ની ગ્રેચ્યુઈટી મળી. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં તેમનો મૂળ માસિક પગાર રૂા.૧,૨૦,૦૦૦ અને રૂા.૧,૪૦,૦૦૦ હતો. વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩માં તેમને માસિક બોનસ રૂા.૬૦,૦૦૦ અને રૂા.૮૦,૦૦૦ મળ્યું હતું.

   આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે કરપાત્ર ગ્રેચ્યુઈટીની રકમ શોધો.

5. શ્રી પ્રેમરતન બાટા તા. ૩૧-૧૦-૨૦૨૨ રોજ ૩૦ વર્ષની નોકરી પૂર્ણ કરીને નિવૃત્ત થાય છે. તેમને ગ્રેચ્યુઈટી મળતી નથી. તેમનું માસિક પેન્શન રૂ. ૨૧,૦૦૦ના લેખે તા. ૧-૧૧-૨૦૨૨થી ચાલુ થાય છે. પણ તેઓ તારીખ ૧-૨-૨૦૨૩ના રોજ પેન્શન ઉપરનો પોતાનો અડધો હક્ક જતો કરીને સામટુ પેન્શન મેળવવાનું નક્કી કરે છે. તેમને રૂ. ૧૦,૮૦,૦૦૦ સામટુ પેન્શન મળે છે. શ્રી પી. બાટાની આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ પગારની આવકનાં મથાળા માટે કરપાત્ર પેન્શનની રકમ શોધો..

6. જી. એસ ટી હેઠળ રજિસ્ટ્રેશનના ફાયદા જણાવો.

7. જ્યારે રીવર્સ ચાર્જ લાગુ થતો હોય માલના સંદર્ભમાં સપ્લાયનો સમય કયો ગણવો ?

8. મકાન મિલકતના શીર્ષક હેઠળ મજરે મળતી કપાતો જણાવો.

**પ્ર-3** તા. ૧-૧૧-૨૦૧૮ના રોજ બોમ્બેની રામ લિ. માં તેજાનંદ ૩૯૦૦૦-૧૦૦૦- ૪૩,૦૦૦-૧૨૦૦-૫૨,૬૦૦ નાં ગ્રેડમાં બે ઈજાફા સહિત નોકરીમાં જોડાયા તેમને મૂળ પગારનાં ૪૦% લેખે મોંઘવારી ભથ્થુ મળ્યું. નિવૃત્તિનાં લાભોની ગણતરી માટે મોંઘવારી ભથ્થાનાં ૫૦% ધ્યાનમાં લેવાય છે. **(13)**

તા. ૧-૧૧-૨૦૨૧નાં રોજ કંપનીએ તેમને રેગ્યુલર ઈજાફા ઉપરાંત વધારાનાં ચાર ઈજાફા આપ્યા.

(૧) કંપનીએ મેડીકલ ભથ્થુ મહિને ૫૦૦ લેખે અને શિક્ષણ ભથ્થુ મહિને ૬૦૦ લેખે ચૂક્યું. તેમનો એક બાળક અભ્યાસ કરે છે.

Scanned with OKEN Scanner

(૨) બોમ્બેમાં રહેવા માટે કંપની તરફથી ફ્લેટ તેમને આપેલ છે. આ ફલેટનું ભાડું મહિને ૧૯,૧૦૦ લેખે કંપનીએ ચૂકવ્યું.

(૩) તેમનું લેન્ડ-લાઇન ટેલીફોનનું બીલ ૧૧,૯૪૦ અને મોબાઇલ ફોનનું બીલ ૨૧,૮૭૦ કંપનીએ ચૂકવ્યું.

(૪) કંપનીએ તેમનું ક્લબનું બીલ ૧૭,૩૪૧ પણ ચૂકવ્યું.

(૫) રોનકે ક્રેડિટ કાર્ડ દ્વારા તેમનાં કપડાં ૫૧,૫૭૨ નાં ખરીદ્યાં, જે કંપનીએ ચૂકવી આપેલ છે. વધારામાં ક્રેડીટ કાર્ડની વાર્ષિક ફી ૧૬૫૦ પણ કંપનીએ ચૂકવી.

(૬) ઓફિસ સમય દરમ્યાન થયેલી ઇજાનું વળતર ૨૫,૦૦૦ કંપનીએ ચૂકવ્યું.

(૭) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપનીનો ફાળો ૧૪% છે.

(૮) માન્ય પ્રોવિડન્ટ ફંડ ખાતામાં ૧૧% લેખે જમા થયેલ વ્યાજ રૂા. ૭૭.૦૦૦

આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે ગ્રોસ પગારની આવક શોધો.

(અથવા)

પ્ર-3 શ્રી વિજય તા. ૧-૧૦-૧૮ ના રોજ RS કંપનીમાં મૂળ પગાર રૂા. ૧,૨૫,૦૦૦ - ૫,૦૦૦ - ૧,૪૦,૦૦૦ ૧૦,૦૦૦ - ૨,૫૦,૦૦૦ ના ગ્રેડમાં મેનેજર તરીકે જોડાયા. પાછલા વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન તેમની નીચેની વિગતો પરથી આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે પગારની કરપાત્ર આવક શોધો.

(૧) મોંઘવારી ભથ્થું મૂળ પગારના ૪૦%, જે પૈકી ૫૦% રકમ પ્રોવીડન્ટ ફંડની ગણતરી માટે ધ્યાનમાં લેવાય છે.

(૨) મનોરંજન ભથ્થુ મહિને રૂા. ૮,૦૦૦

(૩) તેમનાં બે બાળકો માટે બાળકદીઠ મહિને રૂા. ૧,૨૦૦ લેખે શિક્ષણ ભથ્થું

(૪) ગેસ, વીજળી, પાણીના રૂા. ૧૮,૦૦૦ કંપનીએ ચૂકવ્યા જે પૈકી ૨/૩ અંગત વપરાશ છે.

(૫) બરોડામાં (જેની વસ્તી ૧૦ લાખથી વધુ છે પરંતુ ૨૫ લાખથી વધુ નથી) રહેઠાણ માટે એક બંગલો આપેલ છે. જેની મ્યુનિસિપલ આકારણી રૂા. ૪૦,૦૦૦ છે. આ બંગલામાં રૂા. ૨,૦૪,૮૦૦ ની મૂળ કિંમતનું ફર્નિચર વસાવી આપેલ છે.

(૬) આ બંગલાના ચોકીદાર તથા માળીનો માસિક પગાર અનુક્રમે રૂા. ૫,૨૦૦ અને ૪,૨૦૦ કંપનીએ ચૂકવેલ છે.

Scanned with OKEN Scanner

(૭) તેમના વતી તેમનું જીવનવીમા પ્રિમિયમ રૂા. ૧૦,૩૦૦ અને જાહેર ભવિષ્યનિધિ ખાતામાં રૂા. ૩૨,૦૦૦ કંપનીએ ચૂકવ્યા છે.

(૮) મૂળ પગાર તથા ૫૦% મોંઘવારી ભથ્થા સહિતની રકમના ૧૫% જેટલી રકમ માન્ય પ્રો. ફંડમાં તેઓ ફાળવે છે. કંપની પગારના ૧૨% જેટલો ફાળો આપે છે.

(૯) તેમના પગારમાંથી મહિને રૂા. ૨૦૦ વ્યવસાય વેરો કપાયેલ છે.

(૧૦) કંપનીએ તેમના વતી હોટલ કલબનું બીલ રૂા. ૪૨,૦૦૦ ચૂકવ્યું.

(૧૧) ઓફિસ સમય દરમ્યાન થયેલ ઈજાનું વળતર રૂા. ૯,૫૦૦ કંપનીએ ચૂકવ્યું.

**પ્ર-4 (અ) ભાવિક ત્રણ મકાનોના માલિક છે નીચે જણાવેલ વિગત પરથી આ. વ. ૨૦૨૩-૨૪ માટે મકાન મિલકતની કરપાત્ર આવક શોધો.** **(8)**

| વિગત | મકાન નં.-૧ | મકાન નં.-૨ | મકાન નં.-૩ |
|---|---|---|---|
| ૧. વપરાશ | ભાડે આપેલ | ભાડે આપેલ | સ્વવપરાશ |
| ૨. મ્યુનિસિપલ મૂલ્ય | ૧,૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ |
| ૩. વાજબી ભાડુ | ૧,૯૨,૦૦૦ | ૪૪,૪૦૦ | - |
| ૪. પ્રમાણિત ભાડુ | ૧,૬૮,૦૦૦ | ૪૨,૦૦૦ | - |
| ૫. મળવાપાત્ર ભાડુ | ૨,૨૮,૦૦૦ | ૪૮,૦૦૦ | - |
| ૬. વસુલ નહિ થયેલ ભાડુ | ૧૯,૦૦૦ | - | - |
| ૭. ખાલી રહ્યાનો સમય | ૩ માસ | ૧/૨ માસ | - |
| ૮. સ્થાનિક વેરા | ૫% | ૪% | ૧૦% |
| ૯. મજરે મળવાપાત્ર વ્યાજ | (?) | - | ૮૭,૫૮૦ |

મકાન - ૧ ના બાંધકામ માટે તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ ૧૨%ના દરે રૂા. ૪,૮૦,૦૦૦ ની લોન લીધી.

બાંધકામ તા. ૧-૬-૨૦૧૯ ના રોજ પૂરુ થયું.

આ લોન તા. ૩૦-૯-૨૦૨૨ ના રોજ પરત કરી.

(અથવા)

Scanned with OKEN Scanner

પ્ર-4 (અ) તેજ લી.નું તા. ૩૧-૩-૨૩નારોજ પાકું સરવૈયું. નીચે મુજબ છે. (08)

| વિગત | |
|---|---|
| (I) ઇક્વિટી અને જવાબદારી | |
| 1. શેરહોલ્ડરના ભંડોળ | |
| (અ) શેરમૂડી | |
| ૫૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ ૧૦નો એવા | ૫,૦૦,૦૦૦ |
| ૧૦% ની પ્રેફ. શેરમૂડી | ૫,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો | |
| સામાન્ય અનામત | ૧,૬૦,૦૦૦ |
| નફા નુકસાન ખાતું | ૪૦,૦૦૦ |
| 2. બિન ચાલુ દેવા | |
| (અ) લાંબાગાળાના દેવા : ૧૨ % ના ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ |
| 3. ચાલુ જવાબદારી | |
| (અ) વેપારી દેવા+ લેણદારો | ૯૦,૦૦૦ |
| દેવી હૂંડી | ૧૦,૦૦૦ |
| કુલ | ૧૫,૦૦,૦૦૦ |
| (II) મિલકત | |
| 1. બિન ચાલુ મિલકત : | |
| (અ) કાયમી મિલકત | |
| 2. દ્રશ્ય મિલકત | |
| મકાન ૫,૬૦,૦૦૦ | |
| -ઘસારો ૩૦,૦૦૦ | ૫,૩૦,૦૦૦ |
| મશીનરી ૪,૦૦,૦૦૦ | |
| -ઘસારો ૨૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ |
| ફેક્ટરી ૩,૦૦,૦૦૦ | |
| -ઘસારો ૨૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ |

Scanned with OKEN Scanner

| | |
|---|---|
| 2. અદ્રશ્ય મિલકત : પાઘડી | ૨૦,૦૦૦ |
| (બ) બિન ચાલુ રોકાણોઃ પ્રોવિડન્ટ ફંડના રોકાણો | ૬૦,૦૦૦ |
| 2. ચાલુમિલકત : | |
| (અ) માલસામગ્રીઃ સ્ટોક | ૧,૭૪,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: | |
| દેવાદારો ૪૦,૦૦૦ | |
| -ઘાલખાધ ૨,૦૦૦ | ૩૮,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતોઃ રોકડ સિલક | ૧૮,૦૦૦ |
| કુલ | ૧૫,૦૦,૦૦૦ |

વધારાની માહિતી:

૧. મકાનની હાલની બજાર કિંમત રૂ ૬,૦૦,૦૦૦ છે.

૨. કંપનીનો સરેરાશ વાર્ષિક નફો (૫૦% લેખે કર બાદ કર્યા પહેલાંનો) રૂ ૩,૦૦,૦૦૦ છે.

૩. આ જ પ્રકારના ધંધામાં રોકાયેલી મૂડી પર અપેક્ષિત વળતરનો દર ૧૦% ગણાય છે.

૪. કંપનીની પાઘડીની કિંમત રૂ ૫૦,૦૦૦ આંકવામાં આવી છે.

ઉપરની વિગતો પરથી કંપનીના ઇક્વિટી શેરની વાજબી કિંમત શોધો.

**(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** **(06)**

(૧) શેરના મૂલ્યાંકનની પદ્ધતિ

(૨) કરમુક્ત સવલતો

**(અથવા)**

(૧) કાયદા મુજબનું પ્રોવિડન્ટ ફંડ

(૨) ઇનપુટ ટેક્સ ક્રેડિટ

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા. 28-02-2024 સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

પ્ર.૧ (અ) નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. (૧૦)

(૧) "પુરવઠો પોતે માંગ સર્જે છે" આ વિધાન કોણે આપ્યું ?

(અ) પ્રો.પીગું (બ) પ્રો. હેબરલર (ક) પ્રો. માર્શલ (ડ) પ્રો. જે. બી. સે.

(૨) આવકમાં થયેલા ફેરફાર કરતા વપરાશમાં થયેલો ફેરફાર વધુ હોય તો સીમંત વપરાશ વૃતિ જણાવો.

(અ) એક પણ નહિ (બ) એકમ બરાબર (ક) એકમ કરતા ઓછી (ડ) એકમ કરતા વધુ

(૩) ગુણકના બહિસ્ત્રાવ જણાવો

(અ) ભાવવધારો (બ) શેરની ખરીદી (ક) બચત થાપણો (ડ) તમામ

(૪) ખર્ચ કરતા વધારાના વળતરનો દર એટલે શું ?

(અ) વપરાશ વૃતિ (બ) મૂડીરોકાણ (ક) બચત વૃતિ (ડ) મૂડીની સીમાંત કાર્યક્ષમતા

(૫) વેતન કાપનો ખ્યાલ કોણે આપ્યો છે ?

(અ) પ્રો.પીગું (બ) પ્રો. હેબરલર (ક) પ્રો. માર્શલ (ડ) પ્રો.કેઈન્સ

(૬) મૂડીરોકાણ જેમ વધુ તેમ મૂડીની સીમાંત કાર્યક્ષમતા કેવી જોવા મળે છે. ?

(અ) વધુ (બ) ઓછી (ક) સપ્રમાણ (ડ) તમામ

(૭) દેશનું અવમુલ્યન ક્યારે સફળ જશે ?

(અ) જયારે આયાત-નિકાસની માંગની મુલ્ય સપેક્ષતા એકમ કરતા વધુ હોય

(બં) જયારે આયાત-નિકાસનીમાંગનીમુલ્ય સપેક્ષતા એકમ કરતા ઓછી હોય

(ક) જયારે આયાત-નિકાસની માંગનીમુલ્ય સપેક્ષતા એકમ બરાબર હોય

(ડ) જયારે આયાત-નિકાસની માંગનીમુલ્ય સપેક્ષતાસંપૂર્ણ મુલ્ય અનપેક્ષ હોય

(૮) દેશના નાગરિકોએ રાજ્યનેં ફરજીયાતપણે આપવી પડતી રકમ એટલે શું ?

(અ) કર આકારણી (બ) કર સંપાત (ક) કરાઘાત (ડ) કર

(૯) રોજગારી ગુણક આપનારનું નામ જણાવો.

(અ) પ્રો. રેગ્નાર ફીશ્ચ (બ) પ્રો.કેઈન્સ (ક) પ્રો. ફ્રિડ્મેન (ડ) પ્રો. કહાન

(૧૦) વ્યાપાર ચક્રમાં "વળાંક બિંદુઓ" દ્વારા વ્યાપારચક્ર કોણે સમજાવ્યુ છે ?

(અ) પ્રો. ફ્રિડ્મેન (બ) પ્રો. શુમ્પીટર (ક) પ્રો. પીગુ (ડ) બર્નસ અને મિચેલ

Scanned with OKEN Scanner

(બ) ખાલી જગ્યા પૂરો. (૦૫)

(૧) મૂડીની સીમાંત કાર્ય ક્ષમતાનો ખ્યાલ સૌપ્રથમ .............. એ આપ્યો.

(૨) વપરાશ એ ....................નું વિધેય છે .

(૩) આંતર રાષ્ટ્રીય વ્યાપાર અને આર્થિક વિકાસ એકબીજાના ................. છે.

(૪) અમુક ચોકકસ સમય દરમિયાન કોઈપણ દેશની દ્રશ્ય વસ્તુઓની આયાત નિકાસના સરવૈયાને ................. કહેવામાં આવે છે.

(૫) જો વસ્તુની માંગ સંપૂર્ણ મુલ્ય અનપેક્ષ હોય તો કર સંપાત ...................... પર પડે છે.

**પ્ર.૨ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (ગમે તે ચાર )** (૦૮)

(૧) અસરકારક માંગનો અર્થ સ્પષ્ટ કરો.

(૨) સરેરાશ વપરાશવૃતિ અને સીમાંત વપરાશવૃતિ એટલે શું?

(૩) જાહેરદેવાના પ્રકાર જણાવો.

(૪) ચલણનું અવમુલ્યન એટલે શું?

(૫) વિનિમયદર એટલે શું?

(૬) કુલ માંગકિંમત અને કુલ પુરવઠાકિંમત એટલે શું?

(૭) લેણદેણતુલાની વ્યાખ્યા આપો.

(૮) વ્યાપારચક્રનો અર્થ સ્પષ્ટ કરો.

પ્ર.૩ વપરાશવૃત્તિ એટલે શું? તેને અસર કરતા પરિબળો વિગતે ચર્ચો . (૧૩)

(અથવા)

પ્ર.૩ સમ ખરીદ્શક્તિના સિદ્ધાંતનું સ્વરૂપ ચર્ચો. મર્યાદાઓની ચર્ચા કરો. (૧૩)

**પ્ર. ૪(અ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (૦૮)

(૧) વેપારચક્રના તબક્કાઓ

(૨) પ્રો. કેઈન્સનો અસરકારક માંગનો સિધ્ધાંત

(૩) મૂડીની સીમાંતકાર્યક્ષમતાને અસર કરતા પરિબળો

(૪) કરસંપાતને અસર કરતા પરિબળો

**પ્ર. ૪ (બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (૦૬)

(૧) લેણદેણતુલાની અસમતુલાનાં કારણો

(૨) કરાઘાત, કરસંપાત, અને કરવિવર્તન

(૩) આંતરિક અને આંતર રાષ્ટ્રીય વ્યાપાર વચ્ચેનો તફાવત જણાવો.

(૪) જાહેર ખર્ચના હેતુઓ

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા. 27-02-2024 | Advance accounting & Auditing Paper – IV | સમય : 8.15 થી 10.15 | ગુણ : 50

**પ્ર-1 યોગ્ય વિકલ્પ પસંદકરી જવાબ લખો.** (15)

1. બોનસ શેર બહાર પડ્યા બાદ
   A. રોકડ સિલક અને શેર મૂડીમાં વધારો થાય છે.
   B. અનામત અને મૂડી બંનેમાં વધારો થાય છે.
   C. અનામત માં ઘટાડો થાય છે જ્યારે શેર મૂડીમાં વધારો થાય છે.
   D. અનામતો અને શેર મૂડી બંનેમાં ઘટાડો થાય છે.
2. બોનસ બહાર પાડી શકાય નહીં.
   A. વિકાસ વળતર અનામત માંથી. B. મૂડી અનામત માંથી
   C. જામીનગીરી પ્રીમિયમ માંથી D. કાયમી મિલકતોના પુનઃમૂલ્યાંકર્ન માંથી ઉદભવેલ નફામાંથી.
3. કંપનીધારા ની કલમ-૫૫ મુજબ પ્રેફરન્સ શેર પરત થઈ શકે નહીં
   A. ઈક્વિટી શેર બહાર પાડી મેળવેલી રકમમાંથી B. પ્રેફરન્સ શેર બહાર પાડી મેળવેલી રકમમાંથી
   C. ડિબેન્ચર બહાર પાડી મેળવેલી રકમમાંથી D. ઉપરમાંથી એક પણ નહીં
4. રીડીમેબલ પ્રેફરન્સ શેર મૂડી પરત કરવાની હોય ત્યારે જો શેર અંશતઃ ભરાયેલા હોય તો-
   A. નાણા પરત થઈ શકે નહીં.
   B. જેટલી રકમ નહીં મળી હોય તેટલી રકમ પરત થઈ શકે નહીં.
   C. જેટલી રકમ મળી હોય તેટલી રકમ પરત થઈ શકે છે.
   D. ઉપરના બધા જ
5. રીડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરી શકાતા નથી.
   A. પ્રીમિયમ થી B. મૂળ કિંમતે C. વટાવથી D. ઉપરના બધા જ
6. જ્યારે રેડીમેબલ પ્રેફરન્સ શેર પ્રીમિયમે પરત કરવામાં આવે તો પ્રીમિયમની રકમની જોગવાઈ કયા ખાતેથી થશે?
   A. શેર જપ્તી ખાતું B. જામીનગીરી પ્રીમિયમ ખાતું
   C. નફા નુકસાન ખાતા ની જમા બાકી D. B અને C
7. પ્રીત લિમિટેડ રૂ.1,00,000 ના રીડીમેબલ પ્રેફરન્સ શેર 10% પ્રીમિયમે પરત કરવા ઇચ્છે છે આ માટે તે રૂ. 40,000 ના નવા ઈક્વિટી શેર બહાર પાડે છે કંપનીએ મૂડી પરત અનામત ખાતે કેટલી રકમ લઈ જવી જોઈએ.
   A. રૂ.60,000 B. રૂ.50,000 C. રૂ.40,000 D. ઉપર માંથી એક પણ નહીં

Scanned with OKEN Scanner

8. તેજાનંદ લિમિટેડે 10% ના રીડીમેબલ પ્રેફરન્સ શેર દરેક 100 નો રૂ. 80 ભરપાઈ, રૂ. 80,000, 10% પ્રીમિયમ થી પરત કરવા માટે રૂ.50 નો એવા 1200 ઈક્વિટી શેર 10 ટકા પ્રીમિયમ થી બહાર પાડ્યા જેથી નફામાંથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાની રકમ થશે.
   A. રૂ.40,000   B. રૂ. 44,000   C. રૂ. 34,000   D. રૂ. 50,000
9. બે સામાન્ય સભા વચ્ચેના સમયગાળા દરમિયાન ડિરેક્ટરોએ જાહેર કરેલ ડિવિડન્ડ એટલે-
   A. છેવટનું ડિવિડન્ડ   B. ભલામણ ડિવિડન્ડ
   C. નહીં ચુકવાયેલ ડિવિડન્ડ   D. અર્ધવાર્ષિક ડિવિડન્ડ
10. કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ
   A. ભલામણ ડિવિડન્ડ પર ગણવામાં આવે છે   B. કરવેરા પછીના નફા પર ગણવામાં આવે છે.
   C. આવકવેરાની જોગવાઈ પર ગણવામાં આવે છે.
   D.ધંધાકીય પ્રવૃત્તિમાંથી થતી આવક પર ગણવામાં આવે છે.
11. કંપનીની ભરપાઈ ઈક્વિટી શેર મૂડી રૂ.16,00,000 શેર દીઠ રૂ. 8 ભરપાઈ દરેક રૂ. 10 નો હોય અને તે વાર્ષિક 10% ના દરે વચગાળાનું ડિવિડન્ડ ચૂકવે તો ડિવિડન્ડ ની રકમ
   A. રૂ. 2,00,000 થશે   B. રૂ. 80,000 થશે
   C. રૂ. 3,00,000 થશે   D. રૂ. 1,60,000 થશે.
12. આંતરિક મૂડી ઘટાડાની યોજના અમલમાં મૂક્યા બાદ કંપની .................. .
   A. વિસર્જન થાય છે   B. ચાલુ રહે છે
   C. અન્ય કંપની દ્વારા ખરીદાય છે.   D. અન્ય કંપનીમાં જોડાય છે.
13. મૂડી ઘટાડાની યોજના વખતે કોણ ભોગ આપશે
   A. ઈક્વિટી શેર હોલ્ડરો   B. પ્રેફરન્સ શેર હોલ્ડરો
   C. ડિબેન્ચર હોલ્ડરો   D. જરૂરિયાત મુજબ ઉપરના બધા
14. મૂડી ઘટાડાની યોજના હેઠળ રૂ. 75,000 નું બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ જે હજુ જાહેર થયું નથી અને ચૂકવાયું નથી જે પૈકી 2/3 ભાગનું પ્રેફરન્સ ડિવિડન્ડ પ્રેફરન્સ શેરહોલ્ડરોએ જતું કર્યું. અને બાકીનું ચૂકવી આપ્યું હોય તો -
   A. રૂ.25,000 મૂડી ઘટાડા ખાતે ઉધાર થશે.   B. રૂ.25,000 નફા નુકસાન ખાતે ઉધાર થશે.
   C. રૂ.25,000 મૂડી ઘટાડા ખાતે જમા થશે.   D. કોઈ નોંધ થશે નહીં.
15. મૂડી ઘટાડાની યોજના વખતે પાકા સરવૈયામાં ચૂકવવાની બાકી ડિરેક્ટર ફી રૂ.20,000 હતી અને 60 ટકા ડિરેક્ટર ફી ચૂકવાઈ ગઈ હતી તે રકમ ડિરેક્ટરોએ પરત કરી અને ચૂકવવાની બાકી હતી તે જતી કરી. તેથી મૂડી ઘટાડા ખાતે
   A. રૂ. 20,000 જમા થશે   B. રૂ. 40,000 જમા થશે
   C. રૂ. 30,000 જમા થશે   C. ઉપરમાંથી એક પણ નહીં

Scanned with OKEN Scanner

પ્ર-2 સુચના મુજબ જવાબ આપો. (ગમે તેચાર) (08)

1. તેજાનંદ લિ. ની શેરમૂડી દરેક રૂ. 10 નો એક એવા 4,00,000 ઇક્વિટીશૅરમાં વહેંચાયેલીછે. હાલમાં તેના ઇક્વિટીશૅરની બજારકિંમત રૂ. 90 છે. કંપની ઇક્વિટી શેરમૂડીના 3/5 ભાગ જેટલી રકમ અનામત ભંડોળમાંથી બોનસ તરીકે આપવાનું નક્કી કરે છે. તે માટે દરેક શૅરના ધારણ કરનારને બોનસની પૂરી રકમની પતાવટ પેટે રૂ.4 ની કૂપન (2/5 ભરપાઇ થયેલ શૅર) આપવામાં આવે છે.
   કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.
2. ડિરેક્ટરોએ તેમની લેણી રકમના 65% રકમ ઇક્વિટી શૅરોમાં અને 15% રકમ રોકડમાં સ્વીકારી અને બાકીની રૂ. 42,840 નીરકમ તેઓએ જતી કરી છે. મૂડી ઘટાડા અંગે આમનોંધ લખો.
3. રોમાન્સ લી. તેના 2,000 12% નાદરેક રૂ.100 નોએવા રૂ.80 ભરાયેલા રિડીમેબલ પ્રેફરન્સ શૅર 10% પ્રીમિયમે પરત કરવા ઇચ્છે છે. ખાતાવહી નીચેની બાકીઓ દર્શાવે છે :

| | રૂ. |
|---|---|
| જામીનગીરી પ્રીમિયમ | 4,000 |
| બૅન્કસિલક | 60,000 |
| નફા-નુકસાન ખાતું (જમાબાકી) | 40,000 |

   ડિરેક્ટરોએ રૂ. 10 નો એક એવા ઓછામાં ઓછા ઇક્વિટીશેરો 10% પ્રીમિયમે બહાર પાડી પ્રેફરન્સ શૅરો પરત કર્યા. જરૂરી આમનોંધ લખો.

4. સાંઇ લી. તા.31.3.2022 ના રોજના કાચા સરવૈયામાંથી નીચે મુજબની વિગતો મળી છે.

| વિગત | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|
| આવકવેરા ની જોગવાઇ (૧-૪-૨૧) | - | 3,60,000 |
| અગાઉથી ચૂકવેલ વેરો (ચાલુ વર્ષે ચૂકવેલ) | 4,00,000 | - |
| અગાઉથી ચૂકવેલવેરો (૧-૪-૨૧) | 2,00,000 | - |
| નફા નુકસાન ખાતું | - | 7,00,000 |

   ગયા વર્ષે (2020-21) આવક વેરાની આકારણી ચાલુ વર્ષે પૂરી થઇ હતી અને આવક વેરાની જવાબદારી રૂ. 4,00,000 નક્કી કરવામાં આવી હતી.કંપનીનો ચાલુ વર્ષનો નફો રૂ.12,00,000 હતો. કંપની નફાના 40% લેખેઆવકવેરો ચૂકવે છે.
   કંપનીના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

5. કંપનીની ફ્રીહોલ્ડ પ્રોપર્ટીની બજાર કિંમત રૂ. 7,50,000 છે. જે ચોપડે કિંમત કરતા 25% વધારે છે. તેથી મૂડી ઘટાડાઅંગે આમનોંધ લાખો.
6. મૂડી ઘટાડાની પધ્ધતિઓ જણાવો.
7. બોનસ શેરનાપ્રાપ્તિસ્થાનો જણાવો.
8. રીડીમેબલ પ્રેફરન્સ મૂડીનીજોગવાઇ કયા નફામાંથી કરી શકાય તે જણાવો.

Scanned with OKEN Scanner

(13)

**પ્રશ્ન-2** તા. 31-3-2023 ના રોજનું હાર્દિક કંપનીનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| ઉધારબાકી | રૂ. | જમાબાકી | રૂ. |
|---|---|---|---|
| પ્લાન્ટઅનેયંત્રો | 8,30,000 | ઇક્વિટીશેરમૂડી દરેક રૂ.૧૦૦નો | 20,00,000 |
| જમીન | 9,50,000 | શેર જપ્તી ખાતું | 30,000 |
| મકાન | 13,50,000 | 10,000 11% ના પ્રેફરન્સ શેર | 10,00,000 |
| પાઘડી | 5,00,000 | 5%ના ડિબેન્ચર (દરેક રૂ.50 નો) | 5,00,000 |
| પ્રાથમિક ખર્ચા | 30,000 | વેચાણ | 19,80,000 |
| બાકી હપ્તા | 75,000 | બાંધીમુદતની થાપણો | 2,10,000 |
| સ્ટોક (૧/૪/૨૨) | 3,28,000 | નહીં મંગાવેલ ડિવિડન્ડ | 10,000 |
| શેર બહાર પાડવાનો ખર્ચ | 20,000 | ઘાલખાધ અનામત | 30,000 |
| કાચામાલની ખરીદી | 7,55,000 | રોકાણ પર વ્યાજ | 85,000 |
| પગાર | 4,80,000 | ડિબેન્ચર નિધિ | 1,00,000 |
| મુસાફરી ખર્ચ | 90,000 | વેપારીઓ | 3,50,000 |
| કરભાડું અને વેરો | 1,20,000 | નફા નુકસાન ખાતું | 25,000 |
| ડિરેક્ટર ફી | 25,000 | બેંક પાસેથી લોન | 2,80,000 |
| મરામત | 80,000 | અન્ય લોન ધિરાણ | 1,20,000 |
| પોસ્ટેજ | 52,000 | જામીનગીરી પ્રીમિયમ | 1,50,000 |
| સામાન્ય ખર્ચા | 75,000 | મૂડી અનામત | 5,00,000 |
| પ્રોવિડન્ડ ફંડમાં ફાળો | 50,000 | સામાન્ય અનામત | 8,50,000 |
| હાથ પર રોકડ | 22,000 | પ્રોવિડન્ડફંડ | 2,20,000 |
| બેંકમાં રોકડ | 86,000 | | |
| લેણીહુંડી | 10,000 | | |
| ડિબેન્ચર વટાવ | 10,000 | | |
| ફર્નિચર અને ફિક્ચર્સ | 2,20,000 | | |
| રોકાણો | 13,50,000 | | |
| સ્ટોર અને સ્પેરપાર્ટસ | 1,00,000 | | |
| છૂટા ઓજારો | 20,000 | | |
| ગ્રાહકો | 3,50,000 | | |
| ઉત્પાદક મજૂરી | 3,62,000 | | |
| ડિબેન્ચર પરતનિધિના રોકાણો | 1,00,000 | | |

Scanned with OKEN Scanner

વધારાની માહિતી:

(1) તા.31-3-2023 ના રોજનો આખરનો સ્ટોક રૂ. 6,82,000 નો હતો. જેમાંથી રૂ. 1,00,000 ની કિંમતના સ્ટોકનું બજાર મૂલ્ય રૂ. 1,10,000 છે. રૂ..2,00,000 ના સ્ટોકનું બજાર મૂલ્યરૂ. 1,90,000 છે. બાકીના સ્ટોકમાં રૂ. 20,000 મરામત ખર્ચની જરૂર છે.

(2) મકાન પર વાર્ષિક 2% લેખે,પ્લાન્ટ અને યંત્રો પરવાર્ષિક 5% લેખે અને ફર્નિચર પર વાર્ષિક 7.5% લેખે ઘસારાની જોગવાઈ કરો.ઘસારો મિલકતની શરૂઆતની બાકી પર ગણો.

(3) પ્લાન્ટ અને યંત્રોમાં વધારો રૂ.1,70,000, યંત્રનું વેચાણ રૂ.50,000 તેમજ ફર્નિચરનું વેચાણ રૂ.10,000 અને વધારો રૂ.12,000 છે.

(4) દેવાદારો પર 10% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.

(5) ખર્ચા ચૂકવવાના બાકી: મજૂરી રૂ.25,000, પગાર રૂ.50,000, ભાડું અને કરવેરા રૂ.35,000 અને અગાઉ થી ચૂકવેલ પોસ્ટેજ ખર્ચ રૂ. 2,000 છે.

(6) નફાના 50% લેખે કરવેરાની જોગવાઈ કરવાની છે.

તૈયાર કરો.

(1) તા. 31.3.2023 ના રોજ પુરા થતા વર્ષનું નફા નુકસાનનું પત્રક.

(2) તા.31.3.2023 ના રોજનું કંપની ધારા 2013 પરિશિષ્ટ-3 મુજબ પાકું સરવૈયું.

(અથવા)

**પ્રશ્ન-3 તેજાનંદ કંપની લિ.નું તા. 31.3.23 રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :** **(13)**

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| 1. ઇક્વિટી અને દેવા | | |
| 1. શેરહોલ્ડરોનાભંડોળો | | |
| (અ) શેરમૂડી | | |
| દરેક રૂ.૧૦૦ નો તેવા ઇક્વિટીશેર | | 11,00,000 |
| (બ) અનામત અંતે વધારો | | |
| જામીનગીરી પ્રીમિયમ | | 20,000 |
| 2. બિનચાલુ દેવા | | |
| (અ) લાંબાગાળા માટે ઉછીનાં નાણાં | | |
| 11% ના ડિબેન્ચર | | 3,00,000 |
| ડિરેક્ટરની લોન | | 12,000 |
| 3. ચાલુ દેવા | | |
| (અ) વેપારી દેવા-લેણદારો | | 5,000 |
| (બ) અન્ય ચાલુ દેવા | | |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | | 30,000 |
| બાકી ડિરેક્ટર ફી | | 15,000 |
| કુલ | | **14,82,000** |

Scanned with OKEN Scanner

| (2) મિલકતો | |
|---|---|
| ૧. બિનચાલુ મિલકતો | |
| (અ) કાયમી મિલકતો | |
| ૧. દશ્ય કાયમી મિલકતો | |
| જમીન -મકાન | 1,00,000 |
| પ્લાન્ટ અને યંત્રો | 4,00,000 |
| ફર્નિચર | 10,000 |
| ૨.અદશ્ય કાયમી મિલકતો : પાઘડી | 6,00,000 |
| (બ) અન્ય બિનચાલુ મિલકતો: | |
| નફા નુકસાન ખાતું (ઉધાર) | 2,00,000 |
| ૨. ચાલુમિલકતો | |
| (અ) માલસામગ્રી: | |
| સ્ટોક | 82,000 |
| (બ) રોકડ અને રોકડ સમાન મિલકતો : | |
| રોકડ-બેંક સિલક | 90,000 |
| કુલ | **14,82,000** |

તા. 1.4.2023 ના રોજ મૂડી-ઘટાડાની યોજના અમલમાં મૂકવા આમનોંધ લખી મૂડી-ઘટાડાખાનું ને મૂડી-ઘટાડા પછીનું પાકુંસરવૈયું બનાવો :

(1) ઇક્વિટી શેરદીઠ રૂ. 80 ઘટાડવા.
(2) જામીનગીરી પ્રીમિયમનો ઉપયોગ કરવો.
(3) ડિબેન્ચર હોલ્ડરોએ અંશતઃ ચુકવણી પેટે અડધાં યંત્રો રૂ. 2,50,000 ની કિંમતે લીધાં; બાકીનાં યંત્રોની કિંમતમાં 10% વધારો કરવો.
(4) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.
(5) 70% ડિરેક્ટર ફી ચૂકવેલી તે પરત મળી; બાકી હતી તે તેમણે જતી કરી.
(6) કંપની સામે નુકસાનીનો દાવો રૂ. 40,000 ચૂકવવાનો થયો, જે પેટે એક ડિરેક્ટરના કંપનીમાં જમા રૂ. 10,000 હતાતે વસૂલ લઈ દાવો ચૂકવી દીધો.
(7) 3,60,000 ના કરાર માટેનાં વચનો કંપનીએ આપેલાં તે કરાર કિંમતના 10% દંડ ભરી કરાર રદ કર્યો.
(8) ફર્નિચર તેની હોવી જોઈએ તેના કરતાં 25% વધુ કિંમતે દર્શાવેલા છે.જેની જરૂરી અસર આપવી.
(9) સમગ્ર યોજના અમલમાં મૂક્યા પછી કંપનીની કાર્યશીલમૂડી રૂ.1,30,000 રહે તે રીતે ડિબૅન્ચર હોલ્ડરોએ કંપનીને જરૂરી રોકડ આપવાનું અને તેમાંથી ચઢેલ વ્યાજ પૈકી 20% રકમ જતી કરી 80% રકમ કાપી લેવાનું સ્વીકાર્યું.

Scanned with OKEN Scanner

પ્રશ્ન-4. (અ) રંગ કંપની લિમિટેડનું તા. ૩૧.૩.૨૦૨૩ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે : (08)

| વિગતનોંધ | | રૂ. |
|---|---|---|
| 1. ઈક્વિટી અને દેવા | | |
| 1. શેરહોલ્ડરોના ભંડોળો | | |
| (અ) શેરમૂડી | | |
| દરેક રૂ.100 નો તેવા ઈક્વિટીશેર | | 10,00,000 |
| 12% ના રિડી.પ્રેફરન્સશેર દરેક રૂ. 100 નો | | 6,00,000 |
| 11% ના રિડી.પ્રેફરન્સ શેર દરેક રૂ. 100 | | |
| નો પૂરેપૂરા મંગાવેલ | રૂ. 4,00,000 | |
| બાદ: બાકી હપ્તા (શેર દીઠ રૂ.૨૦) | 8,000 | 3,92,000 |
| (બ) અનામત અંતે વધારો | | |
| સામાન્ય અનામત | | 6,05,000 |
| નફા નુકસાન ખાતું | | 2,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ | | 70,000 |
| ૨. ચાલુ દેવા | | |
| (અ) વેપારીદેવા - લેણદારો | | 1,50,000 |
| **કુલ** | | **30,17,000** |
| 2. મિલકતો | | |
| ૧. બિનચાલુ મિલકતો | | |
| (અ) કાયમી મિલકતો | | 14,12,000 |
| ૨. ચાલુમિલકતો | | |
| (અ) ચાલુ રોકાણો | | 16,05,000 |
| **કુલ** | | **30,17,000** |

તા. 1.4.2023 નારોજ કંપનીએ ઉપરોક્ત બધા રિડીમેબલ પ્રેફ. શૅરો 15% ના પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યુ. તે માટે જરૂરી સંખ્યામાં 10% પ્રીમિયમે ઈક્વિટીશેરો બહાર પાડવામાં આવ્યા. બાકી હપતાવાળા શૅર સિવાય બધી જ ચુકવણી કરવામાં આવી હતી. જરૂરી આમનોંધ લખો.

(અથવા)

Scanned with OKEN Scanner

(અ) રામ કંપની લિમિટેડનું તા. ૩૧.૩.૨૦૨૩ ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે : (08)

| વિગતનોંધ | રૂ. |
|---|---|
| 1. ઈક્વિટી અને દેવા | |
| 1. શેર હોલ્ડરોના ભંડોળો | |
| (અ) શેરમૂડી | 6,40,000 |
| ઈક્વિટીશેર દરેક રૂ.10 નો શેર દીઠ રૂ. 8 ભરપાઈ | |
| (બ) અનામત અંતે વધારો | 1,00,000 |
| સામાન્ય અનામત | 2,50,000 |
| મૂડી પરત અનામત | 1,50,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 1,40,000 |
| પ્લાન્ટ પુનઃમૂલ્યાંકન અનામત | 1,80,000 |
| વિકાસ વળતર અનામત | 2,30,000 |
| રોકાણ અનામત | 60,000 |
| નોધણી પહેલાનો નફો | |
| ૨. ચાલુ દેવા : | |
| (અ) વેપારી દેવા-લેણદારો | 1,50,000 |
| કુલ | 19,00,000 |
| 2. મિલકતો | |
| 1. બિનચાલુ મિલકતો | |
| (અ) કાયમી મિલકતો | 12,00,000 |
| 2. ચાલુ મિલકતો | 7,00,000 |
| કુલ | 19,00,000 |

કંપનીએ પોતાના શેર હોલ્ડરોને બે શેર દીઠ એક બોનસ શેર આપવાનું ઠરાવ્યું આ માટે જરૂરી કાયદાકીય જોગવાઈઓ પૂર્ણ કરવામાં આવી.

ઉપરની માહિતી પરથી જરૂરી આમનોંધ આપી યોજના પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(બ) ટૂંક નોંધ લખો** (06)

(1) બોનસશેર બહાર પડવાના હેતુઓ.

(2) કંપની ધારાની કલમ 55 ની જોગવાઈઓ.

(અથવા)

(1) મૂડી ઘટાડાની શરતો જણાવો.

(2) કંપનીધારાની કલમ 66 ની જોગવાઈઓ

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા.01-03-2024 વાણિજ્ય સંચાલન સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

સૂચનાઃ ૧. જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નનાં કુલ ગુણ દર્શાવે છે.

પ્રઃ૧ [અ] નીચે આપેલ બહુવિકલ્પીય પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરોઃ [૧૦]

૧. કયા ખ્યાલમાં બંને પક્ષને નફો કરવાનો બેવડો ઉદેશ રહેલો છે?

[અ] ઉત્પાદનલક્ષી ખ્યાલ [બ] પેદાશલક્ષી ખ્યાલ

[ક] વેચાણલક્ષી ખ્યાલ [ડ] બજારલક્ષી ખ્યાલ

૨. નીચે આપેલ પૈકી કયું સૌથી મોટું બજાર છે ?

[અ] ઔદ્યોગિક બજાર [બ] પુનઃવેચનારાઓનું બજાર

[ક] સરકારી બજાર [ડ] ઉપભોક્તાનું બજાર

૩. " પાંચ સેકેન્ડની જાહેરાત" એટલે ...................... .

[અ] કિંમત [બ] અભિવૃદ્ધિ [ક] પેકેજિંગ [ડ] પેદાશ

૪. વસ્તુ માનવજરૂરિયાત સંતોષે એવા સ્વરૂપમાં મૂકી શકાય તેનું નામ ...................... .

[અ] પ્રસિદ્ધિ [બ] જાહેરાત [ક] પેદાશ [ડ] વિતરણ

૫. ..................... એટલે વસ્તુ ખરીદવાથી તેને અમૂક મૂલ્યની વસ્તુ મળશે એવી ગ્રાહકના મનમાં સમજ.

[અ] કિંમત ભેદભાવ [બ] મૂલ્ય-અનુભૂતિ કિંમતનીતિ

[ક] ટેન્ડર કિંમત [ડ] લક્ષ્યાંકિત કિમતનીતિ

૬. નીચે આપેલ પૈકી કયું અભિવૃદ્ધિ-મિશ્રનું ઘટક નથી?

[અ] જાહેરાત [બ] વિતરણ [ક] વ્યક્તિગત વેચાણ [ડ] વેચાણવૃદ્ધિ

૭. પ્રસિદ્ધિમાં કેટલી અને ક્યાં જગ્યા ફાળવવી, કેટલો સમય ફાળવવો એ કોણ નકકી કરે છે?

[અ] સંપાદક [બ] ઉત્પાદક [ક] ગ્રાહકો [ડ] મેનેજર

૮. ગોદરેજ ફ્રિજનું બજાર એ ...................... નું ઉદાહરણ છે.

[અ] રાષ્ટ્રીય બજાર [બ] સ્થાનિક બજાર [ક] ગ્રામ્ય બજાર [ડ] પ્રાદેશિક બજાર

Scanned with OKEN Scanner

૯. ગ્રાહક અમુક સ્થળની જ અમુક વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખે, તેને .................... કહે છે.

[અ] સ્થળ પ્રત્યેની વફાદારી　　[બ] પેદાશ પ્રત્યેની વફાદારી

[ક] પેઢી પ્રત્યેની વફાદારી　　[ડ] બજાર પ્રત્યેની વફાદારી

૧૦. નીચે આપેલ પૈકી કયો બજાર સંશોધનનો હેતુ નથી?

[અ] નવા માલનું ઉત્પાદન　　[બ] માલની ગુણવત્તામાં ઘટાડો કરવો

[ક] માલનું વેચાણ વધારવું　　[ડ] હરીફ ઉત્પાદકની તાકાતનું માપ કાઢવું

**[બ] ખાલી જગ્યા પૂરોઃ** **[૫]**

૧. નવી વસ્તુ બજારમાં મૂકવી એટલે ........................ .

૨. ........................ એવું બજાર છે, જેમાં વ્યક્તિઓ અને સંસ્થાઓ પોતે જે વસ્તુ કે સેવા વેચતા હોય તે વસ્તુ કે સેવાના ઉત્પાદનમાં વાપરવા માટે માલ કે સેવાની ખરીદી કરે છે.

૩. ........................ એ છાપેલી, લખેલી, મૌખિક અને ચિત્રિત વેચાણકળા છે.

૪. પેદાશના કુલ ખરેખર અને સંભવિત ખરીદનારાઓનું જૂથ એટલે .................... .

૫. ઈજારાશાહીમાં .................... કિંમતનીતિ યોગ્ય છે.

**પ્રઃ૨ ટૂંકમાં જવાબ આપોઃ [કોઇ પણ ચાર]** **[૮]**

૧. બજારક્રિયા સંચાલનનો અર્થ આપો.

૨. સરકારી બજારમાં ખરીદી કોણ કરે છે?

૩. બજારક્રિયા મિશ્રણનો અર્થ આપો.

૪. પેદાશ જીવનચક્રનાં તબક્કાનાં જણાવો.

૫. કોઈ પણ ચાર કિંમતનીતિઓ જણાવો.

૬. વેચાણવૃદ્ધિનો અર્થ આપો.

૭. બજારવિભાજનનાં મનોવૈજ્ઞાનિક આધારો જણાવો.

૮. બજારસંશોધન એટલે શું?

**પ્રઃ૨** બજારક્રિયા સંચાલનનું કાર્યક્ષેત્ર સમાજાવો. **[૧૩]**

**(અથવા)**

Scanned with OKEN Scanner

પ્રઃ૩ [અ] બ્રાન્ડિંગથી ગ્રાહકોને થતાં ફાયદાઓ સમજાવો. [૬]

[બ] જાહેરાત અને પ્રસિદ્ધી વચ્ચેનો તફાવત સમજાવો. [૭]

પ્રઃ૪ [અ] ટૂંક નોંધ લખોઃ [કોઇ પણ બે] [૮]

૧. ઉપભોક્તા બજારના લક્ષણો

૨. બજારક્રિયા મિશ્રણનાં તત્વો

૩. કિંમત ભેદભાવની નીતિ

૪. બજારસંશોધનનું કાર્યક્ષેત્ર

[બ] કેસ સ્ટડી [૬]

ABC લી. છેલ્લાં સાત વર્ષથી ફ્રીઝ, ટી.વી. અને વી.સી.આર બનાવે છે અને ABC બ્રાન્ડ નામ હેઠળ વેચે છે. કંપની તેની વેચાણ પછીની સરસ સેવાઓ માટે જાણીતી છે. કંપનીની તમામ પેદાશોનું વેચાણ દર વર્ષે વધતું રહ્યું છે, પણ છેલ્લા એક વર્ષથી વેચાણવૃદ્ધિનો દર નીચે જઇ રહ્યો છે. કંપની બજારમાં ચાલુ વર્ષના અંત સુધીમાં સંપૂર્ણ ઓટોમેટિક વોશિંગ મશીન મૂકવા માંગે છે. બજારમાં ૫ થી ૭ કિલો કપડાં ધોઇ શકાય તેવાં મશીન વેચાય છે. તેની સામે ABC લિ. એકસામટાં ૧૦ કિલો કપડાં ધોઇ શકે તેવું વોશિંગ મશીન બનાવી રહી છે. કંપનીનાં માલિકોનું માનવું છે કે ભારતીય સમાજ-વ્યવસ્થામાં આવું વધુ ધોલાઇની ક્ષમતાવાળું મશીન ઝડપથી સ્વીકારાશે.

પ્રશ્નો :-

૧. કંપનીએ પોતાના વોશિંગ મશીન માટે કેવું બજાર વિભાગીકરણ અપનાવ્યું છે? શા માટે?

૨. વોશિંગ મશીનને કંપનીએ કૌટુંબિક બ્રાન્ડ નામ આપવું જોઇએ કે વ્યક્તિગત બ્રાન્ડ નામ? શા માટે? તમારી દલીલો દર્શાવો.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

Statistics - 5

તા.04-03-2024 | સમય : 8.15 થી 10.15

ગુણ : 50

## PART - A

**પ્ર-1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** (05)

(1) મધ્યકમાંથી લીધેલા વિચલનોના વર્ગોની સરેરાશને ............... કહે છે.

(A) પ્રથમ કેન્દ્રીય પ્રઘાત (B) દ્વિતીય કેન્દ્રીય પ્રઘાત

(C) તૃતીય કેન્દ્રીય પ્રઘાત (D) ચતુર્થ કેન્દ્રીય પ્રઘાત

(2) જો 1% ની સાર્થકતા કક્ષાએ પરીક્ષણ કરવા માટે પ્ર.દોષને ............... આંક વડે ગુણવામાં આવે છે.

(A) 1.96 (B) 1 (C) 2.58 (D) 3

(3) પરીક્ષણ સામર્થ્ય = .................. .

(A) $1 - \beta$ (B) $1- \alpha$ (C) $\alpha$ (D) $\beta$

(4) એક નિદર્શન યોજના (1000, 100, 1) માટે Pa = 0.9 હોય ATI

(A) 10 (B) 90 (C) 100 (D) 190

(5) નિદર્શન યોજના માટે ખામીપ્રમાણ (P) અને સ્વીકૃતિની સંભાવના (Pa) વચ્ચે ............... સંબંધ જોવા મળે છે.

(A) વ્યસ્ત (B) સીધો (C) શૂન્ય (D) સરળ

**પ્ર-1 (B) · યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** (05)

(1) 400 કદના નિદર્શ માટે નિદર્શ પ્રમાણ P = 0.5 છે. S.E = ............ .

(A) 0.5 (B) 0.25 (C) 0.025 (D) 20

(2) 5 પ્ર.વિચલનવાળી સમષ્ટિ માંથી લીધેલા 100 કદના નિદર્શ મધ્યકનો પ્ર.દોષ = .............. .

(A) 0.5 (B) 0.25 (C) 0.025 (D) 20

(3) એક નિદર્શન યોજના (1000, 200, 1) માટે P' = .0.015 હોય તો Pa = ...............

(A) 0.2021 (B) 0.1993 (C) 0.2024 (D) 0.1992

Scanned with OKEN Scanner

(4) એક નિદર્શન યોજના (1500, 50, 2) માટે $P' = 0.03$, $AOQ = 0.024$ હોય, તો ATI = ..................... .

(A) 350 (B) 240 (C) 340 (D) 360

(5) એક આવૃત્તિવિતરણ માટેની પ્રથમ ચાર કેન્દ્રિય પ્રઘાતો અનુક્રમે 0, 16, -64, 162 હોય તો $\beta_1$ ................ .

(A) 1 (B) 0 (C) 0.633 (D) 1.633

## PART - B

**પ્ર-2 નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઇપણ ચાર)** **(08)**

(1) પ્રઘાતોના ઉપયોગો જણાવો.

(2) અવલોકનો 5, 7, 10, 11, 12 માટેની પ્રથમ ચાર કેન્દ્રીય પ્રઘાતો જણાવો.

(3) સમજાવો :- વિશ્વસનીય સીમાઓ

(4) પ્રમાણિત દોષનો ઉપયોગ જણાવો.

(5) 500 સફરજનના એક નિદર્શમાં 60 સફરજન ખરાબ હતાં, સમષ્ટિમાં ખરાબ સફરજનનું પ્રમાણ 0.08 છે એ પરિકલ્પનાનું પરીક્ષણ કરો.

(6) એક નિદર્શન યોજના (1000, 80, 1) સમજાવો.

(7) સમજાવો : સરેરાશ નિદર્શ સંખ્યા

(8) એક પાસાને 200 વખત ઉછાળતા 130 વખત બેકી સંખ્યા મળે છે. ''પાસો અનભિન્નત છે' એમ કહી શકાય?

**પ્ર-3 (A) નીચેના આવૃત્તિ વિતરણ માટે ની આજુબાજુની પ્રથમ ચાર સાદી પ્રઘાતો અને તે પરથી કેન્દ્રીય પ્રઘાતો મેળવો. (07)**

| Xi | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| Fi | 3 | 5 | 8 | 10 | 6 | 4 | 4 | 40 |

**(B) સમજાવો : ક્રિયાલક્ષણ વક્ર. (O.C વક્ર)** **(06)**

**(અથવા)**

Scanned with OKEN Scanner

પ્ર-3 (A) એક નિદર્શન યોજના (2000, 200, 2) માટે પોયસન વિતરણનો ઉપયોગ કરી ) O.C વક્ર દોરો. ઉપરાંત જો LTPD = 0.01 હોય તો ગ્રાહકનું જોખમ શોધો. (07)

(B) સમજાવો :- નિરાકરણીય પરિકલ્પના અને વૈકલ્પિક પરિકલ્પના

પરિકલ્પના પરીક્ષણમાં પ્રકાર -૧ ભૂલ અને પ્રકાર -૨ ભૂલ (06)

પ્ર-4 (A) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઇપણ બે) (08)

(1) એક આવૃત્તિવિતરણની ઉગમબિંદુ આજુબાજુની પ્રથમ ચાર સાદી પ્રઘાતો 1.5, 17, -30 અને 108 છે. તો તેની કેન્દ્રીય પ્રઘાતો મેળવી તે પરથી $\beta_1$ અને $\beta_2$ ની કિંમતો મેળવો.

(2) બોલ્ટનું ઉત્પાદન કરતી એક ફેક્ટરીમાંથી 500 અને 400 કદના બે નિદર્શો લેવામાં આવ્યા છે. આ નિદર્શોમાં અનુક્રમે 100 અને 90 બોલ્ટ ખામીવાળા મળે છે, તો આ તફાવત સાર્થક કહી શકાય ?

(3) એક નિદર્શન યોજના (1000, 100, 2) માટે AQL = p' = 0.01 હોય તો ઉત્પાદકનું જોખમ શોધો. અને ગ્રાહકનું જોખમ સમજાવો.

(4) સમજાવો :- ( $N, n_1, C_1, n_2, C_2$)

(B) નીચેના પ્રશ્નોના જવાબ આપો. (કોઇપણ બે) (08)

(1) દ્વિનિદર્શન યોજના (500, 100, 100, 0 , 1), P'= 0.03, ASN, ATI અને AOQ મેળવો.

(2) સમજાવો :- બે ગુરૂ નિદર્શ પ્રમાણિત વિચલનો વચ્ચેનો તફાવતનું સાર્થકતા પરીક્ષણ

(3) 900 અવલોકનોવાળા એક પ્રમાણ્ય સમષ્ટિમાંથી 64 અવલોકનોનો એક નિદર્શ લેવામાં આવ્યો. નિદર્શ અવલોકનોનો સરવાળો 2560 અને નિદર્શ અવલોકનોના વર્ગોનો સરવાળો 1, 18, 784 મળે છે. તો સમષ્ટિ મધ્યકની 95.45% વિશ્વસનીય સીમાઓ મેળવો. અને સફળતાના પ્રમાણનું સાર્થકતા પરીક્ષણ સમજાવો.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા.05-03-2024 બેન્કિંગ - 3 સમય : 8.15 થી 10.15

(કાનુન અને વ્યવહાર) ગુણ : 50

**પ્રશ્ન ૧ : આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.** (૧૫)

[૧] ચેક પર તારીખ લખાયા પછી તે કેટલા સમય સુધી માન્ય ગણાય?

(A) છ માસ (B) એક માસ (C) ત્રણ માસ (D) બે માસ

[૨] ગ્રાહક નાદાર જાહેર થતા તેના ખાતાની રકમ બેંક કોને ચૂકવે છે?

(A) વારસદારને (B) ઘરના વડીલને (C) સરકારને (D) કાયદેસરના રીસીવરને

[૩] ચેકની ચુકવણી અટકાવવાનો અધિકાર કોની પાસે છે?

(A) ચેક સ્વીકારનાર (B) ચેક લખનાર

(C) ચેક ધારણ કરનાર (D) ચેકના નાણા મેળવનાર

[૪] ભાગીદારી પેઢીના નામનો ચેક ભાગીદારના વ્યક્તિગત અંગત ખાતા માટે રજૂ થતો હોય ત્યારે બેન્કરે ............................ .

(A) ચેકની ચૂકવણી કરવી જોઈએ (B) ચેકની ચૂકવણી ન કરવી જોઈએ

(C) ચેક રદબાતલ કરવો જોઈએ (D) ચેક ફાડી નાખવો જોઈએ

[૫] ચેકના નાણાં વસૂલ કરતી વખતે કઇ શરતનું પાલન થાય તો જ બેંકને કાનૂની રક્ષણ મળે છે?

(A) ચેક બેરર હોય (B) ચેક ભૂતકાળનો હોય

(C) ચેક પર ક્રોસિંગ હોય (D) ચેક ભવિષ્યનો હોય

[૬] એકાઉન્ટ પેઈ ક્રોસિંગવાળા ચેકનાં નાણાં .................. .

(A) કોઈપણ વ્યક્તિના ખાતામાં જમા થઇ શકે છે.

(B) કોઈપણ વ્યક્તિના ખાતામાં જમા થઇ શકતા નથી.

(C) પેઈ તરીકે જે વ્યક્તિનું નામ લખવામાં આવ્યું હોય તેના ખાતામાં જ તેની રકમ જમા કરવાની હોય છે.

(D) પેઈ તરીકે જે વ્યક્તિનું નામ લખવામાં આવ્યું હોય તેના ખાતામાં જ તેની રકમ જમા કરવામાં આવતી નથી.

Scanned with OKEN Scanner

[૭] નાણા ચૂકવી આપનાર બેન્કરની પરિસ્થિતિ નાણાં વસુલાત કરનાર બેન્કર કરતાં વધુ ............ બને છે.

(A) સલામત (B) મુશ્કેલ (C) વિશ્વસનીય (D) અસલામત

[૮] ધિરાણમાં આપેલ રકમ કરતાં જામીનગીરીની કિંમત વધુ હોય તો તેવા ધિરાણને કયું ધિરાણ કહેવાય?

(A) ઉત્પાદકીય ધિરાણ (B) રક્ષિત ધિરાણ

(C) બિનરક્ષિત ધિરાણ (D) બિનઉત્પાદકીય ધિરાણ

[૯] કેશક્રેડિટની સગવડમાં વ્યાજ કઈ બાકી પર ગણાય છે?

(A) દિવસના અંતની (B) મહિનાના અંતની

(C) છ મહિનાના અંતની (D) વર્ષના અંતની

[૧૦] "તમારા બધાજ ઈંડા એક ટોપલીમાં ના મુકો" - બેન્ક ધિરાણના કયા સિદ્ધાંતમાં આ વાક્ય આવે છે?

(A) નફાકારકતા (B) તરલતા (C) તારણ (D) જોખમની વિવિધતા

[૧૧] અસામાન્ય ખર્ચ વસૂલ કરવાનો હક કોનો છે?

(A) ગીરો લેનારનો (B) ગીરો મૂકનારનો (C) એજન્ટનો (D) બેંકનો

[૧૨] .................. એ માલગીરો વ્યવહારમાં આવશ્યક છે.

(A) માલની ડીલીવરી (B) માલનું ઉત્પાદન (C) માલનું વેચાણ (D) સેવાનું વેચાણ

[૧૩] CASA નું પૂર્ણ સ્વરૂપ .................... .

(A) Cash Account Savings Account (B) Credit Account Savings Account

(C) Current Account Savings Account (D) Cash Account Secured Account

[૧૪] CASA રેશિયો (%) = .................... .

(A) $\frac{\text{કુલ થાપણો}}{\text{CASA થાપણો}}$ (B) $\frac{\text{CASA થાપણો}}{\text{ચાલુ થાપણો + બચત થાપણો}}$

(C) $\frac{\text{CASA થાપણો}}{\text{કુલ થાપણો}}$ (D) $\frac{\text{ચાલુ થાપણો + બચત થાપણો}}{\text{CASA થાપણો}}$

[૧૫] બેંક તેમના ગ્રહકોને સહાય કરવા માટે ................ પ્રકારના બચત ખાતાઓ ઓફર કરે છે.

(A) સેલેરી એકાઉન્ટ (B) કિડ્સ એકાઉન્ટ

(C) સિનિયર સિટીઝન્સ એકાઉન્ટ (D) આપેલ તમામ

Scanned with OKEN Scanner

**પ્રશ્ન ૨ : નીચેના પ્રશ્નોના ઉત્તર આપો. (કોઇ પણ ચાર)** **(૦૮)**

(૧) ચેકનો અયોગ્ય નકાર એટલે શું?

(૨) કયા સંજોગોમાં બેન્કરે નાણાં ચુકવવાનો ઇનકાર કરવો જ જોઇએ?

(૩) ચેકની વસુલાત એટલે શું?

(૪) ભૂલથી ચૂકવેલ નાણાં બેન્કર કયા સંજોગોમાં પરત મેળવી શકે નહીં?

(૫) ધિરાણના સ્વરૂપો જણાવો.

(૬) બિનરક્ષિત લોન એટલે શું?

(૭) લીયન એટલે શું?

(૮) CASA થાપણમાં ચાલુ ખાતાના ચાર લાભો જણાવો.

**પ્રશ્ન 3 : બેન્કરે ચેકના નાણાં ચુકવતી વખતે કઇ સાવચેતીઓ રાખવી જોઇએ ? વિગતવાર સમજાવો.** **(૧૩)**

**(અથવા)**

**પ્રશ્ન 3 : બેંક ધિરાણના મુખ્ય હેતુઓ જણાવી સંગીન બેંક ધિરાણના સામાન્ય સિદ્ધાંતોની ચર્ચા કરો.** **(૧૩)**

**પ્રશ્ન ૪ : (અ) ટૂંક નોંધ લખો. (ગમે તે બે)** **(૦૮)**

(૧) યથાનુક્રમે ચુકવણી

(૨) નાણા વસુલ કરનાર બેન્કરની ફરજો

(૩) હાઇપોથિકેશનના જોખમો

(૪) CASA થી ગ્રાહકોને થતા લાભો

**(બ) ટૂંક નોંધ લખો. (ગમે તે બે)** **(૦૬)**

(૧) ગ્રાહક દ્વારા ચેકની ચુકવણીની અટકાયત

(૨) ચેક વસુલ કરનાર બેન્કરને મળતું કાનૂની રક્ષણ

(૩) હકગીરો

(૪) CASA થી બેંકને થતા લાભો

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા.29-02-2024

**English**

**Language Through Literature**

સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

**Instructions:**

1. Answers to Question number One to be written in Answer book only. Copy question and write down the correct answer.
2. Figures to the right indicate full marks to the question.
3. Indicate clearly the options you attempt.
4. Begin a new question from a new page.

**Q-1 Select the correct options:** **(10)**

1. How many people were watching the game?
   (A) 5,000 (B) 1,00,000 (C) 10,000 (D) 500
2. Who is the poet of 'Casey at the Bat' ?
   (A) Earnest Lawrence Thayer (B) Ralph Waldo Emerson
   (C) Robert Brown (D) None
3. Give the meaning of the word 'visage'.
   (A) Loud noise (B) Face (C) To move (D) surprise
4. If used well water can bring ..................... to people.
   (A) Joy (B) Peace (C) Sorrow (D) Destruction
5. Water has the ability to destroy ...................... .
   (A) Effortlessly (B) Tediously (C) Hazardously (D) Elegantly
6. In the poem 'Casey at the Bat' who was supposed to win the match for the team?
   (A) Flynn (B) Casey (C) Cooney (D) Jimmy Blake
7. In the poem 'Casey at the Bat' who got out first ?
   (A) Flynn (B) Casey (C) Cooney (D) Jimmy Blake
8. According to the poet water is .................. .
   (A) Disconcerted (B) Broken Hearted
   (C) Saddened (D) None of the above
9. Who was considered a 'hoodoo' ?
   (A) Casey (B) Jimmy Blake (C) Cooney (D) Flynn

Scanned with OKEN Scanner

10. Who is the poet of 'Casey at the Bat' ?
    (A) Ernest Lawrence Thayer (B) Rudyard Kipling
    (C) William Shakespeare (D) None

**Q-2.** Analyse Gardiner's 'On The Rule of the Road' with reference to his statement "liberty is not a personal affair only, but also a social contract.' **(12)**

**(OR)**

**Q-2.** What does the author emphasize on, in the famous blog 'Facebook is making us miserable'.

**Q-3. (A) Write a brief argumentative essay (any one)** **(10)**

(1) Is anonymity on the internet good or bad ?
(2) Entrepreneurship or employment. Your choice ?

**(B) Express your opinion on the following** **(8)**

(1) Technology reduces employment opportunities.

**OR**

(2) Write a travel blog about 3 places you last visited.

**Q4. Do as directed (any ten)** **(10)**

1. Of / Off (make sentences for the following pair of homophones)
2. Man is not interested in conserving water.
   (underline the main verb and circle the gerund)
3. The burnt paper flew away. (identify and underline the participle)
4. Lead (metal/to initiate). (make two different sentences for these heteronyms)
5. Fly. (write two different meanings for the homonym)
6. Face / phase (make sentences for the following pair of homophones)
7. Emerson's poem demonstrates that saving water is essential.
   (underline the main verb and circle the gerund)
8. The filled jar fell down. (identify and underline the participle)
9. Minute (60 seconds/extremely small)
   (make two different sentences for these heteronyms)
10. Watch. (write two different meanings and sentences for the homonym)
11. Which of these means to omit? (except or adept?)
12. Could you .................. the music while I am on the phone ?
    (use appropriate phrasal verb)

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

# શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરત.

આંતરિક કસોટી, 2023 - 24

એસ.વાય.બી.કોમ (સેમેસ્ટર - 4)

તા. 29-02-2024 ગુજરાતી (પ્રત્યાયન કૌશલ્ય) સમય : 8.15 થી 10.15

ગુણ : 50

---

**પ્રશ્ન-૧. ટૂંક માં જવાબ આપો. ( ગમે તે પાંચ)** **(૧૦)**

૧. જીવન વીમો એટલે શું?

૨. દરિયાઇ વિમાની ઓપન (ખુલ્લી) પોલીસી એટલે શું?

૩. ચાંચિયાગીરી એટલે શું?

૪. કયા સંજોગોમાં જીવનવીમાની પોલીસી રદ થઈ શકે છે?

૫. વિરુદ્ધાર્થીશબ્દ એટલે શું?

૬. અસરકારક પ્રવચનના બે લક્ષણો જણાવો.

૭. આગના વિમાની બે પોલીસીના નામ જણાવો.

૮. સંક્ષેપ લેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.

**પ્રશ્ન-૨.** પોલીસીને પેઇડ-અપ પોલીસીમાં ફેરવવા ઈચ્છતા વિમાદારને કુટુંબના કલ્યાણ માટે એમ ન કરવા સમજાવતો પત્ર જીવનવીમા નિગમ વતી લખો. **(૧૩)**

**(અથવા)**

**પ્રશ્ન-૨.** આગ વીમો ઉતરાવેલ માલને જોખમયુક્ત ગોડાઉનમાંથી વધુ સલામતી ધરાવતા સ્થળે ખસેડયો હોઈ પ્રીમિયમના દરમાં ઘટાડો માંગતો પત્ર વીમા કંપનીને લખો.

**પ્રશ્ન-3.** કંડલા બંદરેથી રવાના થયેલ સામાનને દરિયાઇ ચાંચીયાઓની લુંટને કારણે થયેલા નુકશાનનો સ્વીકાર કરતો પત્ર, મરીન ઈન્સ્યોરન્સ કંપની વતી લખો. **(૧૩)**

**(અથવા)**

**પ્રશ્ન-3.** કોલેજના આચાર્યશ્રી તરફથી રાષ્ટ્રીય સેવા યોજનાની વાર્ષિક શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે રજુ કરવાનું પ્રવચન તૈયાર કરો. **(૧૩)**

Scanned with OKEN Scanner

**પ્રશ્ન ૪. નીચે આપેલા ગદ્યખંડનો સારાંશ લખો.** **(૧૪)**

શિક્ષણ અને સંસ્કારને કશો સંબંધ ખરો કે નહિ, એવો પ્રશ્ન વારંવાર થાય છે. શિક્ષણ અને સંસ્કાર વચ્ચે ગાઢ સંબંધ હોવો જોઈએ. શિક્ષણે વ્યક્તિને સંસ્કારી બનાવવી જોઈએ, એમ આપણે સ્વીકારીએ પણ ઘણીવાર વ્યક્તિ શિક્ષિત હોવા છતાં સંસ્કારી નથી હોતી અને વ્યક્તિ સંસ્કારી હોય, છતાં એને ઉચ્ચ શિક્ષણનો લાભ નહિ પણ મળ્યો હોય.

સંસ્કાર ઘણીવાર લોહીમાં ઉતરી આવેલો કુટુંબગત વરસો છે. વાતાવરણથી એ પોષાય છે ને ઘડાય છે. શિક્ષણ બહાર થી પ્રાપ્ત કરેલી વસ્તુ છે. શિક્ષણનો હેતુ સંસ્કાર ને પોષી, વ્યક્તિત્વને વિકસાવી મનુષ્યનું ઓજસ વધારવાનો છે, અને છતાં શિક્ષણ અને સંસ્કારનો સંબંધ અવિનાભાવી નથી બનતો. જેમ શિક્ષણની સમસ્યાઓ છે, તેમ સંસ્કારની પણ સમસ્યાઓ છે. મોટું આશ્ચર્ય તો એ છે કે, જેમ જેમ સમાજમાં શિક્ષણ વધતું જાય છે, તેમ તેમ સમાજમાંથી સંકારીતા ઓછી થતી જાય છે. આજનો શિક્ષિતવર્ગ તેમના વર્તન ઉપરથી, પહેરવેશ ઉપરથી અને વાણી ઉપરથી ઓછો સંસ્કારી છે, એમ કોઈને પણ પ્રતીત થશે.

◈ ◈ ◈

Scanned with OKEN Scanner

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ

તારીખ : 05-03-2024 | આંતરિક કસોટી 2024 | વાર: મંગળવાર

સમય : 2 કલાક | એસ.વાય.બી.કોમ સેમેસ્ટર- 4 | કુલ ગુણ : 50

બજારક્રિયા-3

---

પ્રશ્ન-1 નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. (15)

1. સંશોધન મુજબ, ગ્રાહકની ખરીદીના વર્તનને પ્રભાવિત કરતાં ચાર પરિબળો છે.

(A) મનોવૈજ્ઞાનિક, વ્યક્તિગત, સામાજિક, CRM પદ્ધતિઓ

(B) સાંસ્કૃતિક, સંસ્થાકીય, વ્યક્તિગત, મનોવૈજ્ઞાનિક

(C) સંસ્કૃતિક, સામાજિક, વ્યક્તિગત, મનોવૈજ્ઞાનિક

(D) ઉપરમાંથી કોઈ નહિ.

2. નવી પેદાશ અપનાવવાના ગ્રાહકના પાંચ પગલાંઓમાં કોનો સમાવેશ થાય છે ?

(A)જાગૃતિ, રસ, મૂલ્યાંકન, અજમાયશ, સ્વીકારવું

(B)જાગૃતિ, પ્રમોશન, મૂલ્યાંકન, અજમાયશ, સ્વીકારવું

(C) સ્વીકારવું, રસ, મૂલ્યાંકન, અજમાયશ, પ્રમોશન

(D) જાગૃતિ, રસ, રોકડ ગાય, અજમાયશ, સ્વીકારવું

3. જો એક સારી કમાણી કરતો વકીલ હોય જેને નવી ટેકનોલોજીને પસંદ કરતો હોય અને હંમેશા નવીનતમમ્યુઝિકપ્લેયર અથવા ફોન ધરાવનાર પ્રથમ હોય, તો રોજર્સના મોડેલ પ્રમાણે, સ્વીકારનારની કઈ શ્રેણી "જો રોજર્સ" ને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે ?

(A)સંશોધક (B) પ્રથમ સ્વીકારનાર

(C) પ્રારંભિક બહુમતી (D) મોડી બહુમતી

4. કોલેજીયલ મોડેલ એવી સંસ્થામાં ખૂબ અસરકારક નીવડે છે જેને ............... શોધવાની જરૂર છે.

(A) પરંપરાગત અભિગમો (B) નવીનત્તમ રીતના અભિગમો

(C) નવા અભિગમો (D) મિશ્ર અભિગમો

5. ........... મોડેલનો ઉદ્દેશ કર્મચારીઓને સકારાત્મક કાર્યસ્થળ દ્વારા પ્રોત્સાહિત કરવાનો છે જ્યાં તેમના વિચારોને પ્રોત્સાહિત કરવામાં આવે છે અને ઘણીવાર સ્વીકારવામાં પણ આવે છે.

(A) કોલેજીયન મોડેલ (B) કસ્ટોડીયલ મોડેલ

Scanned with OKEN Scanner

(C) સહાયક મોડેલ

(D) નિરંકુશ મોડેલ (ઓટોકેટીક)

6. પર્યાવરણીય ઉત્તેજનાને અર્થપૂર્ણ રીતે અર્થઘટન કરવા માટેની જ્ઞાનાત્મક પ્રક્રિયાને ........... તરીકે ઓળખવામાં આવે છે.

(A) સમજશક્તિ

(B) ધારણા

(C) મૂલ્યાંકન

(D) ગતિશીલ

7. પાતળી રેખા કે જે ગ્રાહકને રાખવા, ગુમાવવા અથવા બીજાને મેળવવાને વિભાજીત કરે છે તેને .......... કહેવામાં આવે છે.

(A) ડીજીટલ બજારક્રિયા

(B) સંબંધ બજારક્રિયા

(C) ઈન્ટરનેટ બજારક્રિયા

(C) ઈ- બજારક્રિયા

8. સંબંધ બજારક્રિયામાં ............ નો અર્થ એવો પણ થાય છે કે તમારા ગ્રાહકો તમને જે ક્ષેત્રોમાં સુધારા કરવાની જરૂર છે તેના વિષે તમને જાણ કરવા માટે આતુર હશે.

(A) રેફરલ્સ

(B) પ્રતિસાદ

(C) ભલામણો

(C) પરિણામ

9. સંબંધ બજારક્રિયા એ ......... ની વ્યૂહરચના છે, જે ગ્રાહકની જાળવણી, સંતોષ અને આજીવન ગ્રાહક મૂલ્ય પર આધાર રાખે છે.

(A) CRM

(B) RM

(C) IT

(D) DM

10. મનોવૈજ્ઞાનિક વિભાજન આધાર રાખે છે :

(A) ગ્રાહક વસ્તી વિષયક વિશ્લેષણની માત્રાત્મક બાજુ

(B) ગ્રાહક ભૌગોલિક વિશ્લેષણની માત્રાત્મક બાજુ

(C) વ્યક્તિની રહેવાની રીત અને જીવન ચક્ર પસંદગીઓ

(D) લોકોને તેમની મનોવૈજ્ઞાનિક લાક્ષણિકતાઓ, મૂલ્યો અને જીવન શૈલી અનુસાર જૂથબદ્ધ કરવું.

11. નીચે પૈકી કયું લક્ષણ સંસ્થાકીય લાક્ષણીકતાઓના વિભાજન માટે ઉપયોગી આધાર નથી.

(A) ટર્નઓવર દ્વારા

(B) ભૌગોલિક સ્થાન દ્વારા

Scanned with OKEN Scanner

(C) સંસ્થાકીય કદ દ્વારા

(D) ઉદ્યોગના પ્રકાર દ્વારા

12. ............... પરિબળો અથવા ચલો સામાન્ય રીતે અન્ય પ્રકારના ચાલો અથવા પરિબળો કરતા માપવાં માટે સંરળ હોય છે.

(A) ભૌગોલિક

(B) વસ્તીવિષયક

(C) મનોવૈજ્ઞાનિક

(D) વર્તન

13. ................. ગ્રાહકો તર્ક અને હકારાત્મક ROI શોધે છે.

(A)B2B

(B) B2C

(C) પરંપરાગત

(D) ઉપરમાંથી કોઈ નહિ.

14. ............. જાહેરાત માર્કેટર્સને પેઈડ જાહેરાતો દ્વારા સંખ્યાબંધ ડીજીટલ પ્લેટફોર્મ પર ઈન્ટરનેટ વપરાશકર્તાઓ સુધી પહોંચવામાં સક્ષમ બનાવે છે.

(A) સંલગ્ન બજારક્રિયા

(B) વિડીયો બજારક્રિયા

(C) SMS બજારક્રિયા

(D) Pay-per-click

15. ટેલીમાર્કેટિંગની બે મુખ્ય શ્રેણીઓ છે..........

(A) ધંધાથી વેપારી

(B) ધંધાથી ગ્રાહક

(C) ધંધાથી કર્મચારી

(D) ધંધાથી સરકાર

પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (8 માંથી કોઈ પણ 4) (08)

1. B2B માર્કેટિંગ એટલે શું?
2. ગ્રાહકના પ્રકારો જણાવો.
3. સંબંધ બજારક્રિયાની વ્યાખ્યા આપો.
4. બજારવિભાગીકરણની પ્રક્રિયાના તબક્કા જણાવો.
5. ગ્રીન માર્કેટિંગની વ્યાખ્યા આપો.
6. ગ્રાહકના વર્તનને અસર કરતા વ્યક્તિગત પરિબળોમાં કોનો સમાવેશ થાય છે ?
7. સંબંધ બજારક્રિયાની પ્રક્રિયાના તબક્કો જણાવો.
8. મનોવૈજ્ઞાનિક વિભાગીકરણ એટલે શું ?

Scanned with OKEN Scanner

પ્રશ્ન-3 બજાર વિભાગીકરણના આધારો જણાવી ગમે તે બે ઉદાહરણ સહીત સમજાવો. (13)

અથવા

પ્રશ્ન-3. સંબંધ બજારક્રિયાને અસરકરતા પરિબળો ચર્ચો. (13)

પ્રશ્ન-4. ટૂંકનોંધ લખો. (4 માંથી ગમે તે 2) (08)

1. ખરીદીના હેતુઓ.
2. વ્યવસ્થાતંત્રીય વર્તણૂકને અસર કરતા પરિબળો સમજાવો.
3. કસ્ટોડીયલ મોડેલ.
4. લક્ષ્યાંકિત બજારક્રિયા.

પ્રશ્ન-5. ટૂંકનોંધ લખો. (4 માંથી ગમે તે 2) (06)

1. સપોર્ટીવ મોડેલ.
2. ગ્રાહક વર્તણૂકને અસર કરતા ગમે તે બે પરિબળો.
3. મનોવૈજ્ઞાનિક વિભાગીકરણ.
4. ગ્રીન માર્કેટિંગ મિક્ષ.

........................................................All the best.................................................

Scanned with OKEN Scanner